Chapter-7

## પ્રકરણ -૭

**પ્રસ્થાન : દૃષ્ટિથી પવિત્ર થઈને માંડેલા પગલાની અમીટ છાપ.**

સાહિત્ય વિવેચનનાં બે પ્રકાર, એક શુધ્ધ, બીજો પ્રયુકત. તેમાંથી બીજા પર જોઈએ તો રામનારાયણને 'યુગધર્મ' અને 'પ્રસ્થાન' માસિકોનાં સંપાદન નિમિતે જે સમકાલીન સાહિત્યની સમાલોચના કરવાનું પ્રાપ્ત થયું હતું. જે તેમણે નિષ્ઠાથી બજાવ્યું છે.

રામનારાયણ પાઠક વાઙ્મય પ્રતિભા - કાંતિલાલ કાલાણી
પૃ. ૮૪.

•

ઉચ્ચ પ્રકારની વિધ્વતાવાળું, છાલકાપણારહિત વિનોદવાળું અને સમાજની નીતિનો આદર્શ હલકો ન પડે એ વિશે કાળજી રાખનારું સાહિત્ય વાંચવાની ઈચ્છા હોય તેમને 'પ્રસ્થાન' સંતોષપ્રદ માસિક લાગશે એમ મારો મત છે.

- કિશોરલાલ મશરુવાળા. ('પ્રસ્થાન'- ૧૯૩૨)

•

નૂતન ગુજરાતને વિધ્વતા, રસિકતા, દેશભકિત તેમજ વિશાળદૃષ્ટિ એ સર્વનું આસ્વાદન કરાવનાર આવું બીજું ગુજરાતી માસિક મારા જાણવામાં અત્યારે નથી.

- કાંતિલાલ છ. પંડયા ( પ્રસ્થાન- ૧૯૩૨ )

## પ્રકરણ : ૭

### ૦ 'પ્રસ્થાન' નો ઉદય કેટલીક નોંધ.

'ગુજરાત'માં 'યુગધર્મ' ભળી જતાં ગુજરાતના ચાલુ વાતાવરણનું પ્રતિબિંબ ઝીલે એવા એક માસિકની જરૂરિયાત ઊભી થઈ વળી, સાબરમતી આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠ, પુરાતત્વ મંદિર સાથે સંકળાયેલા અનેક વિદ્વાનો અને એમના સંનિષ્ઠ સેવાકર્મીઓના વિશાળ અનુભવનો લાભ ગુજરાતને આપી શકાય એમ માનીને રણછોડજી મિસ્ત્રી અને છોટાલાલ શાહે રામનારાયણ પાઠક પાસે કોઈ જુદી તરેહનું સામયિક શરૂ કરવાની ઈચ્છા વ્યક્ત કરી ત્યારે રામનારાયણ પાઠકે કહેલું કે :'આ તમે એક મોટું સાહસ કરી રહયાં છો. માસિક ચલાવવું એ તમારા ગજા બહારની વસ્તુ છે એટલે હું તો તમને એમાં ન પડવાની સલાહ આપું.' [૧] તેમ છતાં રણછોડજી મિસ્ત્રી અને છોટાલાલ શાહ મક્કમ રહયાં. ૧૯૨૬ની કાર્તિક પૂર્ણિમાથી 'પ્રસ્થાન' સામયિકનો આરંભ થયો ત્યારે એમના તંત્રી મંડળમાં પ્રતિભાશાળી વિદ્વાનો રસિકલાલ પરીખ, સુમંત મહેતા, ત્રિકમલાલ શાહ, નંદલાલ શાહ સાથે રામનારાયણ પાઠક પણ હતા.ઈન્દુલાલ યાજ્ઞિકના 'યુગધર્મ' માસિકમાં સાહિત્ય વિભાગના સંપાદક તરીકે તેમજ દરમાસે અવલોકનો લખવાનું કામ રામનારાયણે ઉત્સાહપૂર્વક ઉપાડી લીધેલું. વિદ્યાપીઠના 'પુરાતત્વ' અને 'સાબરમતી' સામયિકોએ પણ રામનારાયણના સંપાદકીય વિચાર વલણોને ઘડવામાં ફાળો આપ્યો છે. 'પ્રસ્થાન' જ્યારે શરુ થયુ ત્યારે 'બુદ્ધિપ્રકાશ', 'વસંત', 'સાહિત્ય', 'ગુજરાત' અને 'કૌમુદી' જેવા સામયિકો સાહિત્યના ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાનો કરી રહયા હતા પરંતુ 'પ્રસ્થાન'ને તો યુગના અનેક પ્રશ્નોને આવરી લે તેવા 'મોડર્ન રિવ્યુ' ની ગુજરાતી સામયિકોમાં રહેલી ખોટ પૂરવાના, ગુજરાતના સાંપ્રત પ્રશ્નોની છણાવટ કરવાના અને વિજ્ઞાન ધ્વારા આપણી પરિસ્થિતિને નિહાળવાના કોડ હતા. સુંદરમ્ નોંધે છે : '૧૯૨૫ ની આસપાસનો એ જમાનો, એનું વાતાવરણ આજે એ પછીની પેઢીના યુવાનોને પોતાની સમક્ષ સાકાર કરવું સહેલું નહિ બને એ વાતાવરણમાં 'પ્રસ્થાન'નું પ્રકટ થવું એ એક બનાવ હતો.[૨] વિકસતા જતા ગુજરાતને માટે પોતાના મુખરુપ કોઈ નવીન વ્યક્તિઓની પ્રજાને જરૂર હતી. એ જરૂરિયાતને રામનારાયણે અને તેના મિત્રોએ સભાન પણે સમજીને પૂર્ણ કરવાનું બીડું

'પ્રસ્થાન' દ્વારા ઝડપ્યું. ગાંધીજીના વિચારો અને કાર્યોથી પ્રભાવિત એવા સમગ્ર દેશમાં એક નવીન જીવન જાગ્રત થયું હતું. ગાંધીજીના 'નવજીવન'માં એ નવીન જીવનના સંદેશાઓને પણ પ્રજા હોંશભેર ઝીલતી થઈ હતી પરંતુ એ ઉપરાંત જીવનના સર્વતોભદ્ર સ્વરુપને, જીવનની બહુવિધ ચિંતક પર્યેષક બુદ્ધિને, સર્જકતાને આ ભાવનામાં રહીને વ્યાપક સ્તરે વ્યકત કરી શકાય એવી નેમ 'પ્રસ્થાને' સેવી. ગુજરાતની સંસ્કારિતાને ઝીલીને 'પ્રસ્થાને' એક પછી એકઅંકો આપવા માંડયા. ગુજરાતની ઉછરતી અને ઘડાતી બુદ્ધિને માટે 'પ્રસ્થાન' ની પોષક સામગ્રી એક ચમત્કાર હતો.

## ૦ 'પ્રસ્થાન' : સ્વરૂપ

આરંભથી 'પ્રસ્થાન' ડેમી હકદમાં પ્રકાશિત થતું. દર મહિનાની પહેલી તારીખે પ્રકટ થતા આ માસિકની પૃષ્ઠ સંખ્યામાં સતત ફેરફારો નોંધાયા છે. પ્રસિદ્ધિ સમયે 'પ્રસ્થાન' ૫૬ પાનાનું હતું. એ પછી 'પ્રસ્થાન'ના ૬૪, ૭૨,૮૦, ૮૮ જેવા પાનાં અને ત્યારબાદ વાચકોના આવકારે, જુદા જુદા વિષયો પરના લેખોને પ્રકટ કરવાના વલણે તેની પૃષ્ઠસંખ્યા વધીને ૧૦૦ થી ૧૨૦ પાનાં સુધી પહોંચી હતી. બીજા વિશ્વયુદ્ધની આપદ્ પરિસ્થિતિમાં કાગળના ભાવ વીસ ગણા થઈ જતાં સામગ્રીની પૃષ્ઠ સંખ્યા જેટલી જ જાહેરખબરની પૃષ્ઠ સંખ્યા પણ રહેતી. કાગળ પર કંટ્રોલ આવતાં 'પ્રસ્થાન' નો દેહ એટલો દૂબળો થઈ ગયેલો કે કેટલાંક અંકો આઠ આઠ પાનાંના પણ પ્રકાશિત થયેલા !

'પ્રસ્થાન'ના મુખપૃષ્ઠ પરની વિગતો – પુસ્તક ક્રમાંક, સંવત, માસ, તંત્રી અને 'પ્રસ્થાન' કાર્યાલય અમદાવાદનું સરનામું – બીજા પાને પણ મૂકાતી. ગજાનન પાઠક અને મણિલાલ મિસ્ત્રીના હાથે તે આદિત્ય મુદ્રણાલયમાં છપાતુ. 'પ્રસ્થાન'નું લવાજમ આરંભ ગાળામાં રૂા. પાંચ હતું. છૂટક નકલ રૂા. ૦।। માં મળતી.પરદેશમાં તેનું લવાજમ સાડાસત રહેતું. જે પાછળનાં વર્ષોમાં નિરુપાયે સાડા ૭ સુધી ઘટાડવામાં આવ્યું હતું !

'પ્રસ્થાન'ના મુખપૃષ્ઠ પર આકાશમાં વિહાર કરતા ગરુડની પાશ્વભૂમાં સૂર્યબિંબ મૂકાયુ છે. પશ્ચિમના સાહિત્યમાં પ્રચલિત પુરાકથા ફિનીક્સ પક્ષીને યાદ કરીને 'સાહિત્ય'ના તંત્રી અહીં 'યુગધર્મ' માંથી પ્રકટેલા 'પ્રસ્થાન'ની નોંધ લે છે પરંતુ છેક એમ ન માનતા ગરુડ દૃષ્ટિ, સૂર્યની પ્રભાવક તેજ રાશિ તેમ આકાશની વિશાળતાને સામયિકમાં પ્રતિબિંબિત કરવાની આશા વ્યકત થઈ હોવાનું પણ માની શકાય. 'પ્રસ્થાન'ના મુખપૃષ્ઠ વારંવાર બદલાતા રહયાં છે. વચ્ચેના સમયમાં 'પ્રસ્થાન'ના પ્રતીકરુપ ધ્યેયમંત્ર ને જ મુખપૃષ્ઠ પર મૂકાયો છે તો રાષ્ટ્રીય આંદોલનના સમયગાળામાં ગાંધીજી, સરદાર પટેલ જેવાં પ્રમુખ રાષ્ટ્રીય નેતાઓ અને આંદોલનની મહત્વની ઘટનાઓને મુખપૃષ્ઠ પર જીવંત કરેલી છે. કોઈવાર સાહિત્યકારોની તસવીરો પણ 'પ્રસ્થાન'ના મુખપૃષ્ઠ પરમુકાઈ છે. આ મુખપૃષ્ઠોની વિશેષતા સાદગી છે.ઝાકઝમાળ ભર્યા રંગોથી કે ચિત્રો વડે વાચકોને આકર્ષવાની એવી કોઈ વૃત્તિ અહીં નહીં દેખાય.

'પ્રસ્થાન' સાથે જોડાયેલી રસપ્રદ બીના એ પણ છે કે વિદ્યાપીઠમાં કામ કરતા રામનારાયણ સામે ૧૯૨૮માં વિદ્યાપીઠના આચાર્ય તરીકે કાકા કાલેલકરઆવ્યા ત્યારે એવી ચર્ચા નીકળી કે વિદ્યાપીઠમાં કામ કરતા વિદ્યાસેવીઓ વિદ્યાપીઠના આદર્શોને અનુકૂળ ન હોય એવી બાબતોમાં કેટલા પ્રમાણમાં જોડાઈ શકે ? 'પ્રસ્થાન'ના સંપાદક અસહકાર કે રાષ્ટ્રીય શિક્ષણ વિરોધી લેખ, ચર્ચા કે સર્જનાત્મક સામગ્રી પ્રકટ કરી શકે ? રામનારાયણનો મત એવો હતો કે આ પ્રકારની સામગ્રી લેવામાં બાધ ગણવો ન જોઈએ. પણ તેનો જવાબ આપી સંપાદક પોતાનું દૃષ્ટિબિંદુ વાચકોને જણાવે. આ દૃષ્ટિબિંદુ અસહકાર કે વિદ્યાપીઠના આદર્શને અનુકૂળ હોય. પરંતુ આ મુદ્દા પર કાલેલકર સાથે વિચારમેળ સાધી ન શકાયો અને પોતે વિદ્યાપીઠના આજીવન સેવક તરીકે જોડાયા હતા તે છતાં રામનારાયણ તેનાથી અલગ થઈ માત્ર'પ્રસ્થાન'નું સંપાદન કાર્ય સંભાળવા લાગ્યા. પરંપરાગત માળખામાં સ્થિર થઈ તમામ પ્રવૃત્તિઓ અને વિચારોને કોઈ એક જ આદર્શમાં ન મૂકવાના રામનારાયણનાઆ પગલાંએ 'પ્રસ્થાન'ની નીતિ -રીતિ નક્કી કરવામાં નિર્ણાયક ભાગ ભજવ્યો હતો. વિકસિત સાહિત્ય સૂઝ અને પૂરી સાહિત્ય નિષ્ઠાથી રામનારાયણે 'પ્રસ્થાન'ને એક એવા સ્તર પર મૂકી

આપ્યું કે થોડા જ સમયમાં કાકા કાલેલકરને પણ નોંધવાનું મન થાય છે કે:' પ્રસ્થાને અત્યાર સુધીમાં ગુજરાતી ભાષાની સુંદર સેવા કરી છે. અને હવે તો રામનારાયણ અનન્ય નિષ્ઠાથી એને ખિલવવાના છે એટલે 'પ્રસ્થાન' પાસેથી જાહેર સેવાની ઘણી આશા રાખી શકાય'.[3] 'પ્રસ્થાન' ને એ નવજાગરણ યુગના અને ઉચ્ચ રુચિના વિચારનું માધ્યમ બનાવવા રામનારાયણે પ્રયત્નો આદર્યા. કોઈની શેહ શરમમાં દબાયા વિના જીવવાની રામનારાયણની સ્વતંત્ર પ્રકૃતિ અને જીવન રીતિ એ વિદ્યાપીઠના સીમિત પ્રાંગણમાંથી બહાર નીકળી ગુજરાતના વાચન રસિક વર્ગ સુધી પહોંચવાનું ઈષ્ટ માન્યું. 'પ્રસ્થાન' દ્વારા ગાંધીયુગની હવામાં શ્વસતી સર્જક ચેતનાને ઘડવા અને નવોદિત પેઢીનું સાહિત્ય શિક્ષણ જાણે કે એમણે હાથ ધર્યું. 'યુગધર્મ' નો આવી પડેલો વારસો કેવળ નિભાવ્યા કરવાને બદલે ' પ્રસ્થાન' ને વૈવિધ્ય સભર અને રંગીન બનાવવાનો યજ્ઞ આરંભાયો. ઉમાશંકર જોશી રામનારાયણના આ પુરુષાર્થને યોગ્ય રીતે બિરદાવતા નોંધે છે: 'ગુજરાતી સાહિત્યને નવો વળાંક આપવામાં ગુજરાત વિદ્યાપીઠને સફળતા મળી હોય તો તે રા.વિ. પાઠકને આભારી છે. ગાંધીજીની સર્વતોમુખી સર્જકતાના પ્રભાવ થી ગુજરાતમાં વિદ્યા,સાહિત્ય, શિક્ષણના ક્ષેત્રમાં જે સંસ્કાર પોષણ શક્તિ નીકળી તેમાં સાહિત્ય ક્ષેત્રના માળી પાઠક સાહેબ સહેજે બની ગયા. એમના 'પ્રસ્થાન' માસિકદ્વારા વિદ્યાપીઠના કવિઓ અને અભ્યાસીઓ ઉપરાંત બહારના કવિઓ અને અભ્યાસીઓ પણ વિદ્યાપીઠના બળોની અસરનીચે મુકાયા. પ્રજાને શુધ્ધ સાહિત્ય રુચિના સંસ્કાર આપવાનું કાર્ય અહીં જે આરંભાયુ તે જીવનના અંત સુધી સંનિષ્ઠ પણે એમણે કર્યું.[4] 'પ્રસ્થાન'ના બે તંત્રીઓ ત્રિકમલાલ શાહ અને નંદાલાલ શાહ અમેરિકા ગયા અને સુમંત મહેતાની તબિયત નાદુરસ્ત રહેતી હતી. એટલે, ૧૯૨૮ થી 'પ્રસ્થાન'નાસંપાદનની સઘળી જવાબદારી રામનારાયણ પરઆવી રસિકલાલ પરીખ પણ ૧૯૩૪ સુધી તંત્રી મંડળમાં રહીને ' પ્રસ્થાન' ને દોરવણી આપતા રહ્યા હતા. પ્રકાશક તરીકે રણછોડજી મિસ્ત્રીએ 'પ્રસ્થાન' ની વ્યવસ્થા સંભાળી હતી.

o <u>'પ્રસ્થાન' ના આદર્શો અને ધ્યેયમંત્ર :</u>

એ મસયગાળામાં પ્રસિધ્ધ થતા માસિકોમાં 'પ્રસ્થાન'ના તંત્રીવલણ વિશે બળવંતરાય

ઠાકોરે પણ આનંદ વ્યક્ત કરેલો. 'પ્રસ્થાન'ની શુધ્ધ લાવનાઓ અને સેવા માટેની તૈયારીને દાદ આપી તેનું કાર્યક્ષેત્ર તેમ એમનું વર્ગક્ષેત્ર ઝડપથી વધે એવી ભાવનાસેવી હતી.[5] 'પ્રસ્થાન'ના આ કાર્યક્ષેત્રની સીમારેખા તરફ દૃષ્ટિ કરતા રામનારાયણે 'પ્રસ્થાન'ના પ્રાકટય વેળાએ જે આશયો અને હેતુઓની માંડણી કરી છે તેમાં 'પ્રસ્થાન'ની સિધ્ધિઓનું મૂળ જણાય છે. પ્રથમ અંકમાં જ 'પ્રસ્થાન'ના આશયો સમજાવતા રામનારાયણ દેવ ઈ-દ, મહાભિનિષ્ક્રમણ ધ્વારા શાકયપુત્ર ગૌતમમાંથી બુધ્ધ થયાની ઘટના અને ભગવદ્ગીતાના વિરાટ કૃષ્ણને યાદ કરીને 'ચાલવા માંડ, ચાલવા માંડ; એ સૂત્રને યાદ કરે છે. રૂઢિ અને કાયદાથી પ્રતિષ્ઠિત થયેલા આસનો જો કર્મચક્ર થી ડગમગતા હોય, ચાલતો મનુષ્ય પામતો હોય ત્યારે ભારતમાં તેમ ગુજરાતમાં વિદ્યમાન એવા કર્મવીર પુરુષો હોવા છતાં એમણે ચીંધેલા માર્ગે કે અંતર-પ્રતીતિને વશ વતીને પણ આપણે કેમ ચાલી શકતા નથી એવો પ્રશ્ન તેઓ મૂકે છે. જીવન પરિગ્રહના કૈંકપણ શુધ્ધ માટે તૈયારી ન દાખવવાની આ નિષ્ક્રિયવૃત્તિ પાછળ સાંપ્રત પરિસ્થિતિને સમજવાની આવશ્યકતા એમણે પ્રમાણી હતી. સાંપ્રત પરિસ્થિતિના પ્રશ્નોને તેઓ પાણીમાં છુપાઈ રહેલા ૮ ગૂઢ ગ્રાહોની સાથે સરખાવે છે. એ પાણીને ઝંઝેડવાની, અનેક રૂઢિઓમાં અને રાજ્ય પ્રકરણી બંધનોમાં જકડાઈ ગયેલા પ્રજાશરીરને જાગ્રત કરવાની રામનારાયણની ઝંખના અહીં મૂર્ત થઈ છે. પરિસ્થિતિને સમ્યક દૃષ્ટિએ નિહાળવાની વાતમાં 'જે દેખતો નથી એ ચાલતો નથી એમ રામનારાયણે માન્યું છે. નવેમ્બર ૧૮૯૧ માં રવીન્દ્રનાથ ટાગોરે શરૂ કરેલા 'સાધના' નામના માસિકનો મુદ્દાલેખ આ વિચાર સાથે જોવા જેવો છે. સાહિત્ય અને જીવન વચ્ચે વધતી જતી ખાઈ ને ઓછી કરવા અને રૂઢ થઈ ગયેલા વાતાવરણમાં સ્વતંત્ર વિચારદૃષ્ટિ અને પ્રગતિશીલ અભિગમ ધરાવતા નવા સર્જકો જ સાહિત્યક્ષેત્રે નવાં પરિણામો સર્જી શકશે એમ દઢ પણે માનતા રવીન્દ્રનાથનો વિચાર આ મુદ્દાલેખમાંથી પ્રતીત થાય છે.

'આગે ચલ, આગે ચલ ભાઈ
        પડે થાકા પિછે, મરે થાકા મિછે
બેંચે મરે કિલા ફલ પાઈ
        આગે ચલ, આગે ચલ ભાઈ.

(આગળ ચાલ, આગળ ચાલ ભાઈ , પાછળ પડી જવું એતો નકકામા મરી જવાજેવું છે. મરેલાની જેમ જીવવાની અવસ્થામાં જીવવાથી પણ શોલાભ ? આગળ ચાલ,આગળ ચાલ ભાઈ.) આ પરિસ્થિતિને પ્રમાણવાની વાત કરીને રામનારાયણે લખ્યું છે: 'પરિસ્થિતિ એટલે શું ? માનવની પરિસ્થિતિ દેશ અને કાળમાં અનંત સુધી ગયેલીછે. તેમાંથી આપણી નજર પહોંચેએટલી આપણી પરિસ્થિતિ આમ, નજર કરવામાં પાર્થિવ દૃષ્ટિની પેઠે નિકટ વસ્તુઓ વધારે સ્પષ્ટ દેખાય, પરદેશ કરતાં સ્વદેશીની , સ્વપ્રાંતની વસ્તુઓ, દૂરના ભવિષ્ય કરતાં વર્તમાનની અને નિકટના ભવિષ્યની વસ્તુઓ વધારે દેખાય. આમ જોવાથી અયથાર્થ દર્શન થાય છે એમ બીટું ન રહેવું જોઈએ. દૃષ્ટિની આ ઘટના કોઈ વિષમ અવસ્થા નથી પણ 'પ્રસ્થાન'નો સ્વાભાવિક ક્રમ છે. આપણે જ્યાં ઊભા હોઈએ ત્યાંથી ચાલવું છે અનેનજીકની ભૂમિ આપણને સ્પષ્ટ દેખાય એ ઈષ્ટ છે એ બસ છે. માણસ જોઈને ચાલે એથી વધારે શું કરી શકે ? 'દષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્' - દષ્ટિથી પવિત્ર થયેલું પગલું ભરવું![૬]

'પ્રસ્થાન'નો આ ધ્યેય મંત્ર સક્રિયતાના આહ્વાન રૂપ હતો. પવિત્રતા ભરી દૃષ્ટિ અને જુસ્સાભેર લક્ષ્યપ્રતિ પ્રસ્થાન ચીંધતી ધ્યેયમુદ્રામાં પણ ગાંધી ભાવનાનો રણકો સંભળાયા વિના નહીં રહે. 'પ્રસ્થાન' ની પ્રસ્થાન ભૂમિ ગુજરાત, ગુજરાતની સાંપ્રત પરિસ્થિતિ અને ગુજરાતી ભાષા જો હોય તો તેનું કેન્દ્રસ્થાન ગુજરાત રહે એ સ્વાભાવિક છે. ગુજરાતના વિકટ પ્રશ્નોને ચર્ચવાની અને એ પ્રશ્નોને ઉકેલવાની મથામણ શરૂ કરવાની 'પ્રસ્થાન'ની મહેચ્છા એ સમયનાં અન્ય સામયિકોથી અલગ તરી આવે છે. પરંતુ તે સાથે રામનારાયણ ગુજરાતને કેન્દ્રસ્થાને મૂકયાપછી માત્ર 'ગુજરાત'ના વર્તુળ સુધી સીમિત રહેવાને બદલે ગુજરાતમાંથી બહાર નીકળી 'પ્રસ્થાન' પહોંચે એટલી નજર કરવા પ્રયત્ન કરશે એમ નોંધે છે ત્યારે એમાં 'પ્રસ્થાન'ના કાર્યક્ષેત્રની વિશિષ્ટ બાજુ છતી થાય છે. ઉંચા મનોરથોને કાગળ પર રેલાવવાને બદલે ' પહોંચે એટલી જનર દોડાવવામાં' 'પ્રસ્થાન'ની નહીં પરંતુ સમસામયિક પરિસ્થિતિને અનુકૂળ એવા પ્રજાસમુહને ચાલતો કરવાની ભાવનાનું પ્રતિબિંબ દેખાય છે. આજૂબાજૂના વણઉકલ્યા, અવમાનિત પ્રશ્નોને વાચા આપવાનું કાર્ય કરી છૂટવાની ઝંખના સેવતા રામનારાયણ 'પ્રસ્થાન'ની સામે રહેલાવાચકવર્ગની નાડ ને બરાબર

પારખે છે અને એટલે 'પ્રસ્થાન' ના આદર્શને અલંકૃત ભાષામાં ન રચતાં સીધી-સાદી ભાષા વડે સમજાવતા જાય છે. એક શિક્ષકનો અંતરાત્મા અહીં પ્રકટ થતો જોઈ શકાય. જુઓ એ શબ્દો: 'જોઈને ભરેલું પગલું પવિત્ર થાય છે તો એ જોનારી દૃષ્ટિ પણ સંસ્કારી હોવી જોઈએ. બૌધ્ધ સાહિત્યમાં જેને ' દિટ્ દિ' એટલે કે મિથ્યા દૃષ્ટિ કહે છે એવી નહીં પણ સંસ્કૃત સાહિત્યમાં જેને 'દર્શન' કહે છે એવી હોવી જોઈએ. કોઈપણ અભિમાનથી, મતાગ્રહથી કે સ્વાર્થથી એ કલુષિત થવી ન હોજોઈએ વળી એ દૃષ્ટિ હાલનાં શાસ્ત્રોથી સંસ્કૃત થયેલી હોવી જોઈએ. હાલનાં ઘણાંખરા શાસ્ત્રો પશ્ચિમમાં વિકાસ પામ્યાં છે. એના વિચારો પશ્ચિમની સંસ્કૃતિથી રંગાઈને આવે છે એ ખરુ, પશ્ચિમની સંસ્કૃતિના વિચારો અત્યારે ઘણા વેગથી આવી આપણને સ્થિરપણે જોવા કે વિચાર કરવાદેતા નથી એ ખરુ છતાં વિજ્ઞાનના વિચારો કોઈપણ એક દેશના ગણાવા ન જોઈએ. આપણે વિજ્ઞાનથી આપણી દૃષ્ટિને સંસ્કારવી જોઈએ. વિજ્ઞાનનાપ્રકાશથી ઈતિહાસની ભીંત પર આપણી પરિસ્થિતિને આપણે બરાબર વિલોકવી જોઈએ. અને તેમાંથી ઉત્પન્ન થતા જીવનના જુદા જુદા પ્રદેશના પ્રશ્નો કલાના અને તત્વજ્ઞાનના, રહેણીકરણીના, સંપત્તિના, સમાજના, નાતના, કુટુંબ સંસ્થાના, કોમોના, ધર્મોના, રાષ્ટ્રોના, રાજકારણના સર્વપ્રશ્નો સમજવા જોઈએ અને બુધ્ધિગ્રહણ કરી શકે તેવો તેમનો નિકાલ લાવવો જોઈએ.

સમાજના ઘણાખરા અનિષ્ટો તેમાત્ર સમજવાથી જ નાબૂદ થાય છે. સમાજનો મોટો ભાગ અમુક પ્રશ્નોનો વિચાર કરતો થઈ જાય તો એનો નિકાલ એની મેળે આવી જાય છે. છતાં જ્ઞાનને કાર્ય પર કાર્યોન્મુખ કાર્યપર્યવસાયી કરવાપ્રત્યન કરવો જોઈએ. ક્રિયા એ જ્ઞાનનું સ્વાભાવિક પ્રકટીકરણ છે. અને ક્રિયાથી પરાઙ્મુખ થયેલું જ્ઞાન કેવળ ભારરુપ છે. જ્ઞાનની નિષ્ક્રિયતા એ ચૈતન્યની ઉણપનુ ચિહ્ન છે. એ ચૈતન્ય ઈશ્વર પાસેથી કે ધર્મથી આવે. કર્મવીર પુરુષોના પ્રત્યક્ષ અને પ્રત્યક્ષ નહીં તો પરોક્ષ સત્સંગથી આવે, કલાથી જાગ્રત થાય કે જ્ઞાનનાપુન:પુન: પરામર્શથી પ્રાપ્ત થાય આમ, 'પ્રસ્થાને' સમસ્ત ગુજરાતની સમક્ષ ખુલ્લા પડેલાકાર્યપ્રદેશમાં એક સામયિકથી થઈ શકે એટલું કરવાની ઈચ્છા દર્શાવી એ સાથે પ્રમાણિક રીતે,હેતુપુર:સર

કરેલી કોઈપણ વિષયની ચર્ચાને સ્થાન આપવાની તૈયારી પણ પ્રદર્શિત કરી ગુજરાત અને ગુજરાતીઓમાં ઉંડી આસ્થા ધરાવતા રામનારાયણ અહીં ગુજરાતી ભાષાની સિધ્ધિઓ વિશે પણ વાત મૂકે છે. ગુજરાતી ભાષા ગમે તેવા ભવ્ય, ગંભીર, ઉચ્ચ, ઉદાર અને સૂક્ષ્મ વિચારોનું વાહન બની શકે છે એવી 'પ્રસ્થાન'ના તંત્રની શ્રધ્ધા અહીં વ્યકતથઈ છે. ગુજરાતીઓ આવા ભવ્ય, ગંભીર, ઉચ્ચ, ઉદાર અને સૂક્ષ્મ વિચારો ગ્રહણ કરવા સમર્થ છે અને એવા વિચારો ગુજરાત આગળ રજૂ કરવાથી જ એમની એ શકિત માલૂમ પડી આવશે અને વિકાસ પામશે એવી આશા દર્શાવતા રામનારાયણ ગુજરાતના વાચકવર્ગને એ દિશાના વાચન તરફ લઈ જવાનો મનોરથ સેવે છે ત્યારે એકવાત અહીં નોંધવી જોઈએ કે આ સમયગાળાની આસપાસ શરુ થયેલા 'કુમાર' (૧૯૨૪) અને 'કૌમુદી' (૧૯૨૪) પણ ગુજરાતના વાચકોને ઘડવાનો, એમ સાહિત્ય અને અન્યકળાના સંસ્કારોને વિકસાવવાનું શરુ કરેલું. આવતીકાલના નાગરિકોને કેળવવાના આ કાર્યમાં 'પ્રસ્થાન'ની ઉમેદ ગુજરાતના તમામ પ્રશ્નો સુધી લંબાય છે એ સૂચક છે.

o કેટલાક પ્રતિભાવો

'પ્રસ્થાન'ના પહેલા અંકમાં રામનારાયણનો 'કાવ્યમાં વર્ણનું મહત્વ' જેવો લેખ, પ્રાણજીવન પાઠકનું 'અનુપમ અને ગૌરી' નામે એકાંકી, 'સંજય' ઉપનામે રસિકલાલ પરીખની વાર્તા 'કમળા', સુમંત મહેતા, છગનલાલ જોશી તેમજ અન્ય લેખકોની લેખસામગ્રી, લોકચર્ચા, પુસ્તક પરિચય અને જ્ઞાનગોચરી, નોંધ જેવા વિભાગો જોઈને 'સાહિત્ય' સામયિકને 'પ્રસ્થાન' અન્ય સામયિકોથી વિશિષ્ટ જણાયેલું.'પ્રસ્થાન' ને આવકાર આપતી નોંધમાં એના તંત્રીએ લખ્યું છે.' આપણાં માસિકો હાલ વાતો, ટુચકા અને નવલો ઉપર ઉતરી પડયાં છે. તેવે વખતે દેશ પરદેશની વસ્તુ સ્થિતિનો આપણા દેશની સાથે તુલનાત્મક વિચાર કરતું તથા ગંભીર વિષયને લગતી, ગંભીર વિચારો ભારઝલી પણ તળપદી ગુજરાતીમાં રજૂ કરતુ આવું નવું માસિક બહાર પડે તો તેનાથી આપણું સામયિક સાહિત્ય જરૂર સમૃધ્ધિવાનબને' [૮] પરંતુ વિજયરાયે 'પ્રસ્થાન'ના સમૃધ્ધિ સભર એક જોયાપછી 'પ્રસ્થાન'ના બીજા અંકે શેષનું કાવ્ય

'પ્રભુ જીવન દે', 'ભાવ અને રુઢિ', 'કાવ્યમાં વર્ણનું મહત્વ' જેવા રામનારાયણના લેખો, 'જક્ષણી' જેવી નવલિકા, ચંદુલાલ દલાલ અને મુનિરુદ્દિન ગવસીના સાંપ્રત ભારતના પ્રશ્નોની છણાવટ કરતા લેખો, ગજાનન પાઠકનો ' આપણા સચિત્ર માસિકોના ચિત્રો' જેવો મનનીય લેખ તેમજ ચાલુ વિભાગોની વિવિધતા પછીપણ 'પ્રસ્થાન' પર આકરા પ્રહારો કરતા લખેલુ કે: 'જે પત્ર એવી 'દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્' ભાવના સેવતું હોય અને નવા ગુજરાતનું નાયકપદ વરવાનું અભિલાષી હોય તેના પૃષ્ઠોમાં એકપણ પ્રેરણાત્મક શબ્દ કેમ નથી ? તે સદ્ગત બૌધ્ધકાળના પડછંદા પાડીને પ્રજાને કયા 'પ્રસ્થાન' ને નવમાર્ગે દોરવા ચાહતુ હશે ? જો 'સુવર્ણમાળા' ને 'પ્રસ્થાન' આના આજ ધોરણથી કાયમ નીકળવાના હોય તો અમને લાગે છે કે તેમની પ્રજાને બહુ જરૂર નથી![6] વિજયરાયનું આ બયાન એમની સ્વભાવગત મર્યાદાને જ ખુલ્લી કરે છે. બાકી, અંકમાં પ્રેરણાત્મક શબ્દ હોવા-ન હોવાથી કોઈ સામયિક પ્રજાને નવમાર્ગે દોરી શકે એ વાજબી જણાતું નથી. 'કૌમુદી'ની 'મનન નોંધમાં' પણ જયારે વિજયરાય ગુજરાતના સામયિકોને ખિતાબોની વહેંચણી કરે છે તેમાં 'પ્રસ્થાન' ને વિજયરાય 'સૂકી માહિતીઓ અને મધ્યમ પંક્તિનું અને એમનો પરોપકારી ધાત જ સ્થાને અને વાજબી' જેવું વિધાન કરે છે તેમાં વિજયરાય સપાટી પરથી જ 'પ્રસ્થાન'ની કિંમત આંકતા હોય એવું જણાઈ આવે છે. જે સામગ્રીને 'ગુજરાતી' ૧૨-૧૨-૧૯૨૬ ના અંકમાં વિશિષ્ટ, અભ્યાસ પૂર્ણ અને દેશકાળ ઉપયોગી લેખવામાં આવી હોય તેમજ પ્રત્યેક લેખમાં સ્વવ્યક્તિત્વ અને 'પ્રસ્થાન'ની બીજા માસિકોથી જુદી પડતી વિશિષ્ટતાને 'સંધ્યા સમયે આકાશમાં પુરાયેલા રંગોની જેમ ઝળહળી ઉઠે છે' એમ 'ગુજરાતી' માનતુ હોય ત્યારે એ અંકોને 'સૂકી માહિતીઓ વાળુ' કહેવામાં જેમ અતિશયોક્તિ છે તેમ 'મધ્યમ પંક્તિનુ' ગણવામાં અધિરાઈ જ છે. 'પ્રસ્થાન'ની મુદ્રા પ્રથમ અંકથી જ ગંભીર સાહિત્ય પ્રવૃત્તિ કરનારા સામયિક તરીકેની ઉપસી હતી વળી, એમાં વિદ્યાપીઠના વાતાવરણનો પ્રભાવ પણ નાનો સૂનો ન હોતો. પ્રથમ અંકે જ રામનારાયણે સ્પષ્ટ કહ્યું હતું એ પ્રમાણે દેશકાળના વિકટ પ્રશ્નોના ઉકેલ શોધવાનો જો આ સામુદાયિક પ્રયત્ન હોય તો તેમાં વિચારનું ગાંભીર્ય કેન્દ્રમાં હોય. એ અર્થમાં અન્ય સામયિકો જયારે કળા અને રસના ઉત્તમ નમૂનાઓ પૂરાપાડવાની મથામણ

કરી રહ્યાં હતા ત્યારે 'પ્રસ્થાન'ની દૃષ્ટિ 'સાહિત્ય' ઉપાસનાની સાથોસાથ જાગતિક સંદર્ભ તરફ વિશેષપણે હતી. પ્રથમ દૃષ્ટિએ આંખમાં વસી જાય એવી, કૌતુકરાગી નવલકથા, નવલિકાઓ, જનમનરંજન કરતા લેખોને 'પ્રસ્થાન'માં સ્થાન ન હતું. આ કારણે વિજયરાય જેવો મત બાંધવા પ્રેરાયા હોય એ સંભવિત છે, પરંતુ એ સમયનાં અન્ય સામયિકોની આવકાર નોંધ જોતાં 'પ્રસ્થાન'ની વિશિષ્ટતાનો મહદ્ અંશે સ્વીકાર થયેલો જોઈ શકાય છે. 'સૌરાષ્ટ્ર' નોંધે છે કે: ' પ્રસ્થાન ' તેના પુરોગામી 'યુગધર્મ' આદર્શને મૂર્ત કરવા સફળ પ્રયાસ કરી રહ્યું છે. એના અંકો ઉત્તરોત્તર વિશેષ વૈવિધ્યમય, જ્ઞાનદાયી અને સંગીન બનતા દેખાય છે![10] 'સાહિત્ય' તો ઉમળકાભેર નોંધે છે કે : 'પ્રસ્થાન'ના એકેક અંક રઢિયાળા હોય છે તેથી અમને તેની અદેખાઈ આવે છે![11] સામયિકે આંકેલા આદર્શો અને આશયો એના અંકોમાં પડેલી સામગ્રીથી મૂર્ત થતા હોય છે. આવા પ્રયત્નો 'પ્રસ્થાન' કેવા અને કેટલા સ્વરુપે હાથ ધરે છે તે જોવું રસપ્રદ છે. કોઈ અન્ય સામયિકને ઈર્ષાનું કારણ બને એવી આ સામગ્રીને તપાસીએ.

○ 'પ્રસ્થાન'ની લેખન સામગ્રી

○ કવિતા:

આ સમયના નોંધપાત્ર સામયિકો 'કુમાર' અને 'કૌમુદી' સામગ્રીના ઉચ્ચ ધોરણો માટે સુપ્રતિષ્ઠિત હતાં. એમાં તંત્રીઓની અત્યંત મહત્વની ભૂમિકા-વિત્તશાળીને પારખીને એને વધુ સજ્જ કરવાની-રહી હતી. રામનારાયણની ઉચ્ચ સાહિત્ય રુચિને કારણે 'પ્રસ્થાન' ને પણ એવી પ્રતિષ્ઠા સહજ રીતે જ પ્રાપ્ત થઈ.ગાંધીયુગના સર્જકોને ઘડવા માટેની મહાશાળા બનેલા 'પ્રસ્થાન'માં ઉત્તમને ઉપાસવાનું વલણ આ કારણે પ્રથમથી જ દેખા દે છે. એ સમયના નામી-અનામી સર્જકોના અન્યથી તદ્દન જુદા પડતા તેજસ્વી (સ્પ્લેન્ડિડ ઈન ડિફરન્સ) લખાણોને પ્રકાશિત કરવામાં 'પ્રસ્થાને' આગળ પડતો ભાગ ભજવ્યો છે. કાવ્યક્ષેત્રે રસિકલાલ પરીખ, બળવંતરાય ઠાકોર, ચન્દ્રવદન મહેતા, પ્રજારામ રાવળ, બાદરાયણ, પતીલ,સુંદરજી બેટાઈ, મનસુખલાલ ઝવેરી, ઉમાશંકર, સુંદરમ્ તેમજ બાલમુકુંદ દવે, હરિશ્ચંદ્ર ભટ્ટ,કૃષ્ણલાલ

શ્રીધરાણીની કાવ્ય રચનાઓ 'પ્રસ્થાન'માં મોટા પ્રમાણમાં પ્રકાશિત થઈ છે. 'મૂસિકાર' નામે રચનાઓ આપતા રસિકલાલ પરીખના 'પિતા પર્જન્ય', 'અગાધતલ', 'ચંન્દ્રદર્શન' જેવા કાવ્યો, બળવંતરાય ઠાકોરના 'અચલ શ્રધ્ધા', 'ત્હને પવન' જેવા સોનેટો, 'ચિન્તકંડૂ વિનોદો' નામનુ પદ અને 'નરાશાસૂર' જેવું ગીત 'પ્રસ્થાન'માં પ્રસિધ્ધ થયા છે. નરસિંહરાવનાં 'વીણાનું અનુરણન' અને 'ઉત્કંઠ' જેવાં બે કાવ્યો પણ એમાં જોવા મળે છે. ચન્દ્રવદન મહેતાના 'વિસર્જન' અને 'કર્મણ્યેવ' સોનેટ ને સત્કારવાનો યશ પણ 'પ્રસ્થાન' ને છે. પ્રજારામ રાવળ, સુંદરજી બેટાઈ અને પૂજાલાલનાં છંદોબધ્ધ કાવ્યો મોટા પ્રમાણમાં અહીં જોવા મળે છે. 'સ્વપ્નસ્થ' ના પચીસથી વધારે સંખ્યામાં મળતાં કાવ્યોમાં પ્રકૃતિ દર્શનની વિવિધ છટાઓને વ્યકત કરતાં કાવ્યો સ્મરણીય છે. જેમાં 'ડોલરના ફૂલને', 'ડુંગર વાદળ છાયા', 'હિમાલયને', 'કુદરતને ખોળે' જેવાં કાવ્યો મુખ્ય છે. 'પ્રસ્થાન' માં પ્રકટ થયેલી પતીલની ગઝલો પણ ધ્યાન ખેંચે એટલી સંખ્યામાં જોઈ શકાય છે. લગભગ ચાળીસેક જેટલી પ્રકટ રચનાઓમાં કવિનું ગઝલ પરનું પ્રભુત્વ અને સ્વરુપ પ્રત્યેનું આકર્ષણ ધ્યાનાહ છે. તે ઉપરાંત શાલિની, સ્ત્રગ્ધરા, શિખરિણી, હરિણી જેવા છંદોમાં પણ પતીલ અન્ય સ્વરુપની સફળ રચનાઓ આપે છે. પતીલનું 'રેવલો અને માધવ' નામનું કથાકાવ્ય છ જેટલાપૃષ્ઠો રોકે છે.

અહીં પ્રાપ્ત થતાં કેટલાક કાવ્યોની વિશેષતા એ છે કે એ કાવ્યો સ્વરાંકન સાથે પ્રકટ થયાં છે. ઉદાહરણ તરીકે 'પ્રભાત', 'શિવસ્તોત્ર', જેવાં ગીતો 'રાઈનો પર્વત 'માંથી લીધાં છે. જેનું સ્વરાંકન પંડિત વાડીલાલે કહ્યું છે તો સુન્દરમ્ના 'ઉડ ઉડ' ગીતને નારાયણ ખરે એ અને રામનારાયણના 'નાદબ્રહ્મ સ્તુતિ' ને ભાતખંડે એ સ્વરાંકિત કર્યું છે. કેટલાક ગરબાઓના સ્વરાંકનો પણ અહીં પ્રાપ્ત થાય છે. સંગીતમાંની સંપાદકની વિશેષ રુચિ આ માટે કારણરુપ બનેલી જણાય છે.

સ્નેહરશ્મિનાં અનેક ગીતોને 'પ્રસ્થાને' ઉમળકાથી પ્રસિધ્ધ કર્યાં હતા. એમાં 'અર્ઘ્ય', 'પ્રેમઘાટે', 'ઝરણનું ગાન', હરિની બંસી થાને' મુખ્ય છે. 'વણકરોનું ગીત', 'ધોબીનું ગીત' વગેરે એ યુગનો અવાજ રજૂ કરે છે. તો અગિયાર કાવ્યોનું 'સ્મરણ સંહિતા' ગુચ્છ પણ નોંધનીય છે. મેઘાણીનું અતિપ્રસિધ્ધ અનુસર્જન 'કોઈનો લાડકવાયો'

અને ગાંધીજીએ કરેલા અનશનવ્રતના સપ્તાહ નિમિત્તે લખાયેલું 'છેલ્લી સલામ' કાવ્ય પણ 'પ્રસ્થાન'માં પ્રકટ થયા હતા. અહીં સૌથી વધુ કાવ્ય રચનાઓ સુંદરમ્ ની દેખાય છે. એમાંની કેટલીક રચનાઓએ કવિ સુંદરમ્ની પ્રતિષ્ઠા સ્થાપિત કરી આપી છે. સુંદરમ્ની પચાસથી પણ વધુ રચનાઓ 'પ્રસ્થાને' પ્રસિદ્ધ કરી હતી. જેમાં 'બક્ષીસ', 'બંધાઈ ગયુ', 'ભંગડી', 'હરિને બિદાય' અને 'હરિનો જવાબ', 'બા નો ફોટોગ્રાફ' જેવી અનેક ઉત્તમ રચનાઓ છે. સુંદરમ્ અને ઉમાશંકરની રચનાઓને 'પ્રસ્થાન'માં એ સમયે એટલુ પ્રાધાન્ય અપાયુ છે કે દરેક અંકના ઉઘડતા પાને સુંદરમ્ અથવા ઉમાશંકરની કૃતિઓ લાંબા સમય સુધી પ્રકાશિત થતી રહેલી ઉમાશંકરના 'ગ્રીષ્મ પૂર્ણિમા', 'સમરકંદ બુખારા', 'વિરાટ પ્રણય','મંગલશબ્દ' જેવાં યુગ પ્રતિનિધિરુપ કાવ્યો અહીં મળે છે. 'બાણપથારી' જેવું દીર્ઘ કાવ્ય પણ 'પ્રસ્થાન'માં પ્રકટ થયેલું છે. મનસુખલાલ ઝવેરીના 'મહાભારત યુધ્ધનો બીજો દિન' ત્રીજો દિવસ' જેવા દીર્ઘકાવ્યો નોંધનીય છે. ભારતની સ્વાતંત્ર્ય ચળવળનો અવાજ 'પ્રસ્થાન'ની કાવ્યરાશિમાં બોલકો દેખાશે. એ સમયે આવાં ઉત્સાહપ્રેરિત કાવ્યોનું વિશેષ મહત્વ હશે, પણ આજે તો એ કાવ્યો પ્રાસંગિક જ લાગવાનો સંભવ છે. મનસુખલાલના 'માડીના મુક્તિ યજ્ઞે', 'હિંદ મુક્તિ માર્ગે', 'યુધ્ધારંભ' આ પ્રકારના કાવ્યો છે. હરિશ્ચન્દ્ર ભટ્ટે પણ વીર સાવરકરે નિઃસહાય ભાળીને જેલમાંથી લખેલુ કાવ્ય 'માટુ મૃત્યુપત્ર' નો અનુવાદ 'મૃત્યુ ઘંટ' સ્વદેશ ભક્તિને પ્રકટાવે છે. 'સૈનિકની અંતિમ ઈચ્છા' કાવ્ય પણ આ જ પંક્તિનું છે.હરિશ્ચંદ્ર ની કવિપ્રતિભા રુપ 'પારિજાતનુ સખ્ય' 'પ્રસ્થાને' પ્રકટ કર્યું હતું. બાલમુકુંદ દવેનું ગુલબંકીમાં લખાયેલુ 'તુ અછૂત', કૃષ્ણલાલ શ્રીધરાણીના 'ઝંઝારાતે', 'રોહિણી', 'મોનાલિસાનું સ્મિત' જેવા કાવ્યો પણ 'પ્રસ્થાન' માં પ્રકાશિત થયા છે. ગાંધીજીના પ્રભાવ હેઠળ રચાયેલી અને સ્વદેશપ્રેમના વિષયને તાકતી રચનાઓનો ઢગલાબંધ ઉદાહરણો અહીં પ્રાપ્ત થાય છે. ખ્યાત સર્જકોથી માંડીને નવોદિત

સર્જકોનો એ વિષય પરત્વેનો અનુરાગ 'પ્રસ્થાને' પ્રબળપણે ઝિલ્યો છે. કયારેક સાંપ્રત ગુલામી અને પરદેશી સત્તા સામે, કયારેક જાગ્રત થવાની હાકલ પાડતા તો કયારેક શહિદોની શ્રધ્ધાંજલિ રૂપ આ કાવ્યો એ યુગનું પ્રતિબિંબ બનીને રહે છે.કવિતાની સાથે કવિઓએ મૂકેલી નોંધ કાવ્યના છંદો વૈવિધ્યને, કાવ્યબીજ ને કે કાવ્યના વસ્તુ વિષય પરત્વે ધ્યાન દોરવા કેટલીક જગાએ મળી આવે છે. કાવ્ય ગુરુઓને કાવ્ય તાવી જોવાની આવી વિનંતીઓ એક બાજુએ કાવ્ય પ્રયોગને સમર્થન ઝંખે છે તો બીજી બાજુએ ગુજરાતી કવિતાની પ્રયોગશીલ બાજુ પર પ્રકાશ પણ ફેંકે છે. 'પ્રસ્થાન'ના અન્ય કવિઓમાં નાથાલાલ દવે, મુકુંદરાય પારાશર્ય, જગતરામ દવે, પ્રયત્ન ગો.કાજી, દેવજી મોઢા, રતિલાલ શુકલ,જેઠાલાલ ત્રિવેદી જેવા અનેક કવિઓની એકાધિક રચનાઓ મળે છે જયારે પિનાકીન્ ઠાકોર, મુરલી ઠાકુર, હ્રદયકાંત જેવા સર્જકો એકાદ કાવ્ય રચના આપ્યા પછી 'પ્રસ્થાન' માં ગેરહાજર રહે છે.

ગુલાબદાસ બ્રોકરની આજે વાર્તાકાર તરીકેની સિધ્ધી આપણી સામે છે પરંતુ એમણે લખેલાં કેટલાંક કાવ્યો 'પ્રસ્થાન'માં પ્રકાશિત થયાં છે પોતાને અનુકૂળ અભિવ્યકિતની દિશા શોધતા સર્જકની આ પ્રકારની મથામણો નીરખવી રસપ્રદ બની રહે એવી છે.

અનુવાદના પ્રબળ ધસારા સામે 'પ્રસ્થાન'માં જુજ સંખ્યામાં કાવ્યાનું વાદો પ્રસિધ્ધ થયેલા છે. અહીં સંસ્કૃત કાવ્યોના અનુવાદો ખાસ નોંધનીય છે.'કુમાર સંભવ' ના છ સર્ગોનો અનુવાદ નાગરદાસ પંડયા ધ્વારા જુદા જુદા અંકોમાં મળતો રહયો છે. ' કુમાર સંભવ' માં રહેલું અપૂર્વ કાવ્યતત્વ અને અનુવાદને યોગ્ય ઠેરવતા તંત્રીએ શરૂઆતે જ નોંધ્યુ છે. કે : ' આ ભાષાંતરને ગુજરાતીમાં સ્થા છે એટલુ જ નહીં તેને આવકાર પણ ઘટે છે. ગુજરાતી સાહિત્યને સંસ્કૃત મહાકવિઓના કાવ્યોથી સમૃધ્ધ કરવું હોય તો તેના આવા એક નહીં પણ અનેક પ્રયત્નો કરવા પડશે. બીજી તરફ એ પણ યાદ રાખવું ઘટે કે કાલિદાસનો કાવ્યાર્થ જ એટલો રસમય છે કે તેનો અર્થ ભાષાંતરમાં ઉતારવાનો પ્રમાણિક પ્રયત્ન થયો હોય તો તેમાં મૂળના રસની છાયા પણ આવ્યા વિના ન રહે' [૧૨] એ જરીતે 'રઘુવંશ'ના આઠમાં સર્ગના ૪૩ થી ૭૦

શ્લોકનો મંદાક્રાંતા અને માલિની છંદમાં ઉપેન્દ્ર એ કરેલો અનુવાદ ધ્યાન ખેંચે છે. આ સિવાય રવીન્દ્રનાથ, વર્ડ્ઝવર્થ અને ટોલ્સ્ટોયના કાવ્ય અનુવાદો અન્ય સર્જકો પાસેથી પ્રાપ્ત થયા છે.

પ્રારંભના અંકોમાં એકાદ કાવ્ય પ્રસિધ્ધ થતું પણ ક્રમશઃ કાવ્યોની સંખ્યા વધતી રહી છે. એમાં પ્રકૃતિ -પ્રણય અને સ્વદેશ પ્રેમનાં કાવ્યો કેન્દ્રમાં રહે છે. રમૂજ પ્રેરતા કે ઉપહાસ દૃષ્ટિએ લખાયેલા કાવ્યો જુજ છે એનું કારણ પણ 'પ્રસ્થાન'ની આગવી નીતિ-રીતિ છે. ઉમાશંકર-સુંદરમ્ જેવી પ્રતિભાઓને 'પ્રસ્થાને' સાહિત્ય જગતમાં સ્થિર કરી આપી હતી. જ્યારે ચાળીસીના દાયકાના ક્ષિતિજે ઉદિત કવિઓને 'પ્રસ્થાને' માર્ગદર્શકની ભૂમિકા પૂરી પાડી સ્વાતંત્ર્ય ચળવળના જુવાળને શબ્દ અભિવ્યકિત આપવાની સાથોસાથ કાવ્યના સૌંદર્યમાં રતએવી કવિપેઢીને 'પ્રસ્થાને' સ્થાન આપીને એ કવિઓનો અને વિશેષ તો કવિતાનો મહિમા કર્યો.

o નવલિકા :

'પ્રસ્થાન' ની નીતિ પ્રત્યેક અંકમાં એક કે બે વાર્તાઓ આપવાની રહી હતી આ કારણે દ્વિરેફ, ધૂમકેતુ, પન્નાલાલ, ઉમાશંકર, બ્રોકર જેવા વાર્તાકારોને બાદ કરતા મોટાભાગના વાર્તાકારોની વધુમાં વધુ ત્રણ-ચાર વાર્તાઓ પ્રકાશિત થઈ છે. રસિકલાલ પરીખ 'સંજય' ઉપનામે 'કમળા', 'બે મિત્રો', 'રાજમાતા' જેવી વાર્તાઓ, ધૂમકેતુ, 'સર્વનાશ', 'સ્કુલ માસ્તર', 'રતિનો શાપ', 'કેસરી છાનો નાયક' જેવી વાર્તાઓ આપે છે. પન્નાલાલ ની 'રેશમના ઝાડ', ' રામસિંહ', 'ચિઠ્ઠિનોભેદ', 'સુખદુઃખ ના સાથી', 'ધણી નું નાક' વાર્તાઓને 'પ્રસ્થાને' પ્રકટ કરી હતી. બ્રોકરની અતિખ્યાત વાર્તા 'લતા શું બોલે ? ૧૯૩૬ ના અંકઃ૪ મા પ્રકટ થઈ છે. એ ઉપરાંત 'જૂની મૈત્રી', 'સુનીલા', 'માજીનો પ્યાલો', 'ગાડીમાં' 'આપણે ત્રણેય' જેવી એમની વાર્તાઓ પણ 'પ્રસ્થાન'માં આવેલી આ સિવાય 'પ્રસ્થાન' ની નોંધપાત્ર વાર્તાઓમાં ઉમાશંકરની 'ઈનામી વાર્તા,' 'વાયેલા', 'આદમિયત', 'ગુજરીની ગોદડી', 'મારી ચંપાનો વર', 'સરયૂ અને સ્વાતિ', સ્નેહરશ્મિની 'સ્વર્ગ અને પૃથ્વી', 'ભાંગેલો હાથ', ગાતા આસોપાલવ', સુંદરમ્ની

'યા નસીબ', ર.વ.દેસાઈની 'સતીની દહેરી' અને જયંત ખત્રીની 'અમે બુધ્ધિમાનો' નો સમાવેશ થાય છે. વળી, ૧૯૩૬માં પ્રકટ થયેલી બ્રોકરની 'લતા શું બોલે ? એ વાર્તાના તંતુને જુદાજુદા સર્જકોએ આગળ છપાવ્યો હતો. ધારાવાહીના વિશિષ્ટ પ્રયોગમાં સુન્દરમ્ , યશવંત પંડયા, રમણલાલ સોની, જેઠાલાલ ત્રિવેદી, ચન્દ્રવદન મહેતા, ભોગીલાલ ગાંધી અને ર.વ.દેસાઈ જોડાયા હતા. આઠ હપ્તામાં પ્રસિધ્ધ થયેલી આ વાર્તાએ 'પ્રસ્થાન'ના વાચકોનું સારું એવું ધ્યાન ખેંચેલું.

વાર્તાઓના અનુવાદોની સંખ્યા કવિતાની તુલનાએ ઘણી વધારે છે. મુખ્યત્વે બંગાળના ખ્યાત સર્જકોના અને પશ્ચિમના સર્જકોના અનુવાદો 'પ્રસ્થાન'ના કેન્દ્રમાં રહયા છે. બંગાળના શરદિન્દુ બંદોપાધ્યાય, અસમંજસ મુખોપાધ્યાય, પ્રભાતકુમાર મુખોપાધ્યાય, વિભૂતિભૂષણ, બ્રહ્માનંદસેન, ટાગોર જેવાલેખકોના અનુવાદો તથા મરાઠી લેખક વિષ્ણુ સખારામની વાર્તાના અનુવાદો ધ્યાન ખેંચે છે. અન્ય સર્જકોમાં પ્રોસ્પર મેરમી, બેવરલી નિકોલ્સ, કુપ્રિન , પર્લબર્ક, મિસ એગ્નસ સ્મેડલી અને ચેખોવ જેવા વાર્તાસર્જકોના ઉન્મેષોને ગુજરાતીમાં ઉતારવાના પ્રયત્નો 'પ્રસ્થાન'ના અંકોમાં દેખાય છે. અનુવાદોનો મહિમા કેટલીકવાર તો સર્જનાત્મક અને લલિતેતર લખાણોના ચાર-પાંચ અનુવાદો એક જ અંકમાં પ્રસિધ્ધ થવાસુધી ગયો છે. ૧૯૧૬ પહેલાથી મૌલિક સાહિત્ય આપવાની જે બૂમ સંભળાતી રહી છે એ આપણા મનમાં એવા પ્રશ્નો જગાવી જાય છે કે સહજ લભ્ય એવી અનેક સામગ્રી હોવા છતાં પણ સામયિકને સામગ્રીનો પ્રશ્ન નડે છે ? સર્જકો પાસે વિવિધ વિષયોની રખાતી અપેક્ષાઓ સંતોષાતી નથી ? અનુવાદો વધુ વંચાય છે ? કે વાચકોને અનુવાદમાં જ વધુ રસ છે ? અહીં પ્રાદેશિક ભાષાના, પાશ્વાત્ય સામયિકોના પ્રભાવને સ્વીકારીએ તો વિધવિધ વિષયને ગુજરાતી સાહિત્ય સામે મૂકી આપવાની અને વધુ તોઉત્તમ કૃતિ તરફ વાચકોને દોરવાની શકયતાઓ પડેલી છે. લોક પરંપરા સાથે અનુસંધાન દાખવતી 'ઝાડુ કાઢનારાઓના દેવ પીર ગુગા' ની કથા છોટાલાલ કામદાર ધ્વારા રસિક બાનીમાં વર્ણવાઈ છે. 'પ્રસ્થાન'ના વાર્તા ક્ષેત્રનું સીમાચિહ્ન રુપ પ્રદાન રામનારાયણ ધ્વારા મળતી વાર્તાઓ છે એની વિગતે ચર્ચા પાછળના ભાગે કરીશું

o નાટક :

ગુજરાતી નાટયક્ષેત્રે નોંધનીય એવાં કેટલાંક નાટકોને પ્રસિધ્ધ કરવાનો યશ'પ્રસ્થાન' ને ફાળે જાય છે. એકાંકીના વિકાસશીલ તબક્કામાં સર્જકોના એ દિશાના પ્રયોગો અહીં ધ્યાન ખેંચે છે. પ્રાણજીવન પાઠકના 'અનુપમ અને ગૌરી', 'રુદ્રમુખ અને રંજના', 'હિમકાંત', 'દીકપ' જેવા એકાંકીઓ, હરિકૃષ્ણ વ્યાસનું 'સ્નેહ તરસ્યા' એકાંકી, ધૂમકેતુનું 'ભીલકુમાર અને એકલવ્ય', કૃષ્ણલાલ શ્રીધરાણીનું 'ડૂસકું' તેમજ પ્રિયવદન બક્ષીની નાટિકા 'લાંબે રસ્તે' અહીં પ્રાપ્ત થઈ છે. રસિકલાલ પરીખનું અતિખ્યાત નાટક 'મેના ગુજરી:એક કથા પાંચ દૃશ્યોમાં 'પ્રસ્થાને' પ્રકટ કરેલું. બળવંતરાય ઠાકોરનું 'લગ્નમાં બ્રહ્મચર્ય અથવા સંયોગ વિયોગ' નાટકને પ્રસિધ્ધ કરતી વખતે આ પ્રયોગશીલ નાટિકા ને તંત્રી અનેક દૃષ્ટિ બિંદુથી 'નવ પ્રયોગ' તરીકે નવાજે છે અને તે આપણા નાટય સાહિત્યની એક નવી દિશા ઉઘાડી આપશે એવી શ્રધ્ધા વ્યકત કરે છે. ઉમાશંકર જોશીની એકાંકીકાર તરીકેની પ્રતિષ્ઠા જેના પર નિર્ભર છે એ 'સાપના ભારા' અને 'ઉડણ ચરકલડી' એકાંકીઓ'પ્રસ્થાન'માં પ્રકટ થયેલાં ઉમાશંકરનું 'નટી શૂન્યમ્' પણ 'પ્રસ્થાન' ના પૃષ્ઠો પરથી આવે છે. યુરિપિડિસના 'ઈફિજિનિયા ઈન ટોરીસ' એ નાટકની ૩૩૦ જેટલી પંકિતઓનો વનવેલી છંદમાં કરેલો અનુવાદ ઉમાશંકરના પદ્યપ્રભુત્વની સાક્ષી પૂરે છે. જે 'પ્રસ્થાન' ૧૯૩૪ ના અંક :૨ , પુસ્તક :૧૭ માં પ્રકટ થયો હતો અને એ પછી 'સંસ્કૃતિ'માંપણ તેનું પુનર્મુદ્રણ થયેલું. ઉત્તમ નાટકોના અનુવાદો આપવાનું વલણ 'પ્રસ્થાને' સ્વીકારેલું છે. જેમાં એલનમંક હાઉસ, ગાલ્સવર્ધી, સ્ટેનલી હાઉટન જેવા પાશ્ચાત્ય નાટય કમીંઓના અનુવાદો તેમજ 'ઉત્તમ રામ ચરિત' અને 'શાકુંતલ' જેવી પ્રશિષ્ટ કૃતિઓના કેટલાક અંકોના અનુવાદો અહીં પ્રસિધ્ધ થયા છે.

o પ્રવાસ :

કેળવણી વિચારો અને શિક્ષણ વ્યાખ્યાન માળાથી 'પ્રસ્થાન' ધ્વારા ગુજરાતમાં જાણીતા થયેલા ક્ષિતિમોહન સેનના પ્રવાસ વ્યાખ્યાનોને પણ લેખમાળા રુપે'પ્રસ્થાને' પ્રકટ કર્યા હતા. જેમાં જાપાન, ચીનના પ્રવાસમાં જે-તે દેશની સાંસ્કૃતિક પાસાઓની

રસપ્રદ ચર્ચા સંકળાયેલી છે. પંડિત સુખલાલજીએ લખેલા 'મારો પંજાબનો પ્રવાસ' તેમજ ઉછરંગરાય ઓઝાના 'પૂર્વ આફ્રિકામાં પાંચ વર્ષ' રસાળ પ્રવાસ વર્ણનો છે. વિનોદીના નીલકંઠ જાપાનના શહેર પેકિંગના પ્રવાસનું વર્ણન આપે છે. રામનારાયણે પણ પ્રવાસ વર્ણનના કેટલાક મણકાઓ 'ગુજરાતમાંપ્રવાસ' નામે આપ્યા છે. જેમાં પ્રસિધ્ધ યાત્રાધામોના પ્રકૃતિચિત્રો ઝિલાયાછે. પ્રેમલીલા મહેતાએ 'અમરનાથ'ના પ્રવાસ અનુભવોને 'પ્રસ્થાન'માં આલેખ્યા છે. એક સમયના 'પ્રસ્થાન' તંત્રી મંડળમાં રહી ચૂકેલા નંદલાલ શાહ, 'અમેરિકાના પત્રો' નામે તુલનાના ઉપક્રમે સમાજ, જીવન, શિક્ષણ, સ્વાતંત્ર્ય ચળવળ જેવા અનેક વિષયે હાથ ધરે છે એ અભિગમમાં લેખકનું દૃષ્ટિબિંદુ સાંપ્રત ભારતની દશા-દિશા તરફ ધ્યાન દોરવાનુ રહ્યું છે.

o 'પ્રસ્થાન'ની લેખ-સામગ્રી

પાંચ થી છ જેટલા જુદા જુદા વિષયના લેખો એક જ અંકમાં આપવાના 'પ્રસ્થાન' ના વલણમાં એમણે ચીંધી આપેલા આદર્શોનો પડઘો છે. પહેલા જ અંકમાં રામનારાયણના 'કાવ્યમાં વર્ણનું મહત્વ' જેવા લેખની સાથે 'બેકારીનું એક ઓસડ', 'હિંદની સંપત્તિક તપાસ', બગાડ કરવાની ભારતીય વૃત્તિ! વિશેના લેખોથી અનુમાન કરી શકાય એમ છે કે જીવનના વિશાળ ક્ષેત્રને આવરી લે એવા પ્રશ્નોને અવલોકવાનું 'પ્રસ્થાને' પ્રારંભથી જ યોગ્ય માન્યું હતું. અર્થશાસ્ત્ર, સમાજ, રાજકારણ, વ્યાપાર, ધર્મ, વિજ્ઞાન, દેશ-વિદેશની સાંસ્કૃતિ-સામાજિક તપાસ, આરોગ્ય, માનસશાસ્ત્ર જેવા વિષયોને સાહિત્યની ચર્ચા-વિચારણા કરતા લેખો જેટલું મહત્વ અપાયું છે એ રીતે 'કુમારે' શરુ કરેલી કુમારોની વિકાસયાત્રાના ઉદ્દેશનો પડઘો જાણ્યે -અજાણ્યે 'પ્રસ્થાન' પણ ઝિલે છે. જો કે 'કુમાર' ના ટીકિટ સંગ્રહ કે રમતગમત જેવા લેખો 'પ્રસ્થાન'માં જોવા નહીં મળે, પરંતુ વિવિધ વિષયોની ચર્ચા સાથે સાહિત્યને કેન્દ્રમાં રાખી અંકને વૈવિધ્ય પૂરું પાડવાની નીતિ અહીં દેખાય છે. વળી, જે વિષયમાં ઓછું કામ થયુ હોય એવા વિષય પરત્વે ઉત્સાહ દાખવવાની 'પ્રસ્થાન'ની વૃત્તિ પ્રબળ છે. જેમકે 'ભારતીય ખગોળશાસ્ત્રનો પુનરુધ્ધાર' હરિહર ભટ્ટના આ લેખ આગળ

નોંધ મૂકે છે કે :'આ વિષય ઉપર ગુજરાતના શિક્ષિત વર્ગનું ધ્યાનહજૂ ગયું નથી. હિંદુસ્તાનના બીજા કેટલાક પ્રાંતોમાં આ વિષય ઉપર છેલ્લા ૭૫ વર્ષથી ચર્ચા ચાલે છે.'[13] આ નોંધમાં વાચકોને ચર્ચામાં જોડાવાનું આમંત્રણ પણ અપાય છે. ક્યારેક કોઈ વિભાગને ખેસડીને તંત્રીને અગત્યનો જણાતો લેખ નોંધ સાથે મૂકે છે. એ નોંધમાં તંત્રીના વિશિષ્ટ વલણનો પરિચય થાય છે. 'સોયાબિન્સ' નામનો લેખ તંત્રીએ કારણે પ્રકટ કરે છે કે આવતા ચોમાસામાં આ બીજનો ઉપયોગ થઈ શકે ! સમગ્ર ભારતમાં વિકસતા જતા ઉદ્યોગ-વ્યાપારને મૂલવવા 'પ્રસ્થાને' એ વિષયના વિચારોને અને તુલનાત્મક અભ્યાસોને વારંવાર રજૂ કર્યા છે. આગેકૂ કરતા ઉદ્યોગોની નીતિ અને પરિણામોની આવી સમીક્ષાઓ અને સમયગાળાનો એક જાગતિક સંદર્ભ લઈને આવે છે. ઉદ્યોગોના પ્રસાર-પ્રચારની સામે પડેલા ગ્રામજીવન ઉત્થાનના ગાંધી સંદેશનો અણસાર એમાં વારંવાર ડોકાતો રહયો છે. 'ગ્રામજીવનની ખીલવણી'(સુમંત મહેતા), વેપાર વધ્યો પણ હિંદ તવંગર બન્યું?, આપણું વ્હાણ વટુ (ચંદુલાલ દલાલ), આપણાં મીલમાલીકો અને મીલ વ્યવસ્થા (કાળીદાસ ભગવાનજી), ગ્રંથો અને મૂડીવાદ (પ્રાણજીવન પાઠક) તેમજ હિંદુસ્તાનના સુતરાઉ કાપડ, રેશમ, કાપડની આયાત, સિનેમા ,હિંદની ખાંડનો ઈતિહાસ જેવા લેખો વ્યાપારી સાહસોની જમા-ઉધાર બાજુઓની વિશદ્ છણાવટ આપતા ભારને અનુકૂળ એવા વ્યાપાર-ધંધાની સમીક્ષાઓ કરે છે. 'હિંદી ચલણ અને ૧૮ પેન્સનું હુંડીયામણ' સત્યાગ્રહ પહેલા ગાંધીજીએ અંગ્રેજ સત્તા સમક્ષ રજૂ કરેલી ૧૧ માગણીઓનો સરળ ખ્યાલ આપતો ડુંગરશી સંપટનો લેખ છે. અંગ્રેજીના 'પોલીટીક્સ', 'બોમ્બે ક્રોનિકલ' વગેરે સામયિકોએ આવા લેખો પ્રકાશિત કરેલા. એમને ધ્યાનમાં લઈને તંત્રી ગુજરાતમાં આ પ્રકારના લેખો લખાય અને એની ચર્ચા થાય એને ઈષ્ટ ગણે છે. સાંપ્રત સમસ્યાઓ પર 'પ્રસ્થાન' માં લખેલા લેખોની સંખ્યા નોંધપાત્ર છે. 'આપણું બાળ મરણ', ઈજીપ્તની પરિસ્થિતિ, આપણા દેશી રાજ્યો', 'હથિયાર બંધીનો કાયદો', 'લશ્કરી ખર્ચ' જેવા લેખો તત્કાલીન સ્થિતિનો ચિતાર આપે છે. ડુંગરશી સંપટનો લેખ હિંદ, ચીન અને XXX જાપાનની જનસંખ્યા વૃધ્ધિનો પ્રશ્ન છેડે છે. જે પ્રશ્નો આજે વિકરાળ બનીને આપણે સતાવી રહયા છે એવા પ્રશ્નોની એ સમયથી થતી રહેલી ચર્ચાઓ જાગ્રત પણની નીશાની છે પરંતુ પ્રજાની બેફીકરાઈએ આવા પ્રશ્નો માત્ર કાગળ પર જ રહયાં હોય એવો અનુભવ

પમાય છે. આવો જ એક ઉત્તમ લેખ 'આપણી કેળવણી અને વિદ્યાર્થીઓની જવાબદારી' ડૉ.તારકનાથ દાસનો છે જેનો અનુવાદ અમૃતલાલ મોદી દ્વારા થયો છે.'કેસરી' પત્રના અર્ધશતાબ્દિ સુવર્ણ મહોત્સવનો રામચંદ્ર આઠવલે એ લખેલો લેખ [illegible]રી જાતના ઉત્તમને ચીંધી આપે છે. ધૂમકેતુના 'જીવનચંદ' શીર્ષક નીચે મળતા લેખોમાં કેળવણી, આરોગ્ય, વિપ્લવવાદીઓની પ્રવૃત્તિ, યુવાનોની સમસ્યાઓનું આલેખન થયું છે. અહીં હિંદુ-મુસ્લીમ એકતાના, માનવ સંસ્થાઓ, ધર્માન્તરણ અને ભીલ પ્રદેશના તેમજ પરદેશના પ્રવાહોને અવલોકતા છૂટા છવાયા લેખો મળતા રહયા છે. જે એ સમયના જનજીવનનું ચિત્ર પુરું પાડે છે. બળવંત રાય ઠાકોર પાસેથી 'જમીનદારી અને જમીનદાર વર્ગોમાં સાચી ક્રાન્તિ' જેવો લેખ મળે છે જે આશ્ચર્ય પમાડે છે.

'પ્રસ્થાન'માં ચરિત્ર લેખોનું પ્રમાણ મોટી સંખ્યામાં છે. એ સમયગાળાથી ૧૦૦ વર્ષ પરના અંગ્રેજ સાક્ષર બ્રાયન હુરન હોગસન, સી ક્લેર લુઈ, અર્વાચીન સ્વૈરવાદનો આધદ્રષ્ટા માઈકલ બાકુનિન, એડીસન, યુજીવન ઓ'નીલ, શ્રીકૃષ્ણ, ચૈતન્ય મહાપ્રભુ, સોલંકી રાજા જયસિંહ, શ્રીમદ્ રાજચંદ્ર, વિષ્ણુ દિગંબર, દેશબંધુ જેવા મહાનુભાવો વિવિધ લેખકોના હાથે સજીવન થયા છે. જેમાં મરાઠી ભાષાના સર્જકોને પણ સાંકળવાનું 'પ્રસ્થાન' નું પગલું આદાન-પ્રદાનની ઉત્તમ ભૂમિકા પૂરી પાડે છે. રશિયાની સામ્યવાદી વિચારણાનો પ્રભાવ આપણાં સર્જકોએ જેમ ઝિલ્યો એમ સામ્યવાદ તેમજ રશિયાના પ્રવાહો પર દૃષ્ટિ ઠેરવતા અનેક લેખો 'પ્રસ્થાન'માં મળી આવે છે. 'બોલ્શેવિઝમની ઉત્પત્તિ, 'રશિયાના દૂબળાઓ', 'મજૂરવર્ગ,' 'કેળવણીનો પ્રચાર', 'તેનો ઔદ્યોગિક વિકાસ' જેવા લેખો એ દિશાના છે. ટોલ્સ્ટોયના કેટલાક લેખોનો અમૃતલાલ મોદીએ કરેલા અનુવાદો પણ રશિયાથી પ્રભાવિત આપણાં ભારતીય માનસને છતુ કરે છે. દારુ નિષેધની આપણી ચળવળમાં સૌને ઉપયોગી થાય એ હેતુસર ટોલ્સ્ટોયનો 'લોકો નશો શા માટે કરે છે' લેખ તેમજ 'બાળકેળવણી', 'વિનીતોને' જેવો પત્રસ્વરુપનો લેખ ધ્યાનાર્હ છે.

માહિતીપ્રદ, વૈવિધ્યમય અને રસાળ વાચન વાચકોને મળી રહે એ માટેના તમામ પ્રયત્નો 'પ્રસ્થાન' કરતું જણાય છે. ૧૯૩૦ થી શરુ કરાયેલો વિજ્ઞાન વિભાગ એમની

આ નીતિનું ઉદાહરણ પુરું પાડે છે. કાંતિલાલ પંડયાએ 'વિજ્ઞાનઃહિંદમાં તથા ગુજરાતમાં' એ લેખ આલેખતી વેળાએ જે નોંધ મૂકેલી તેમાં અન્ય સામયિકોથી 'પ્રસ્થાન' ની વિલક્ષણતા કેવી અલગ ભાત ઉપસાવે છે એ જુઓ: 'પ્રસ્થાન'ની દૃષ્ટિ સાહિત્યના પ્રદેશ કરતા વિશાળ જ હતી કહો કે એણે સાહિત્યનો સાંકડો અર્થ કર્યો નથી પણ વિશાળમાં વિશાળ અર્થ કરી ઉચ્ચતા જાળવી રાખવાનો યત્ન કર્યો છે. સાહિત્યને રાષ્ટ્રના નિર્માણમાં એક સબળ સાધન ગણનાર ભાઈ રામનારાયણ વિજ્ઞાનને ભૂલ્યાં ન હોતા પણ હવેથી વધારે આગળ લઈ 'પ્રસ્થાન' નું એક નિયમિત અંગ બનાવવા તેઓ તૈયાર થયા છે.'[૧૪] કાંતિલાલ પંડયા અને પ્રાણજીવન પાઠકના અનેક વિજ્ઞાનલેખો 'પ્રસ્થાને' પ્રકટ કર્યા છે. ક્ષિતિમોહન સેનના 'વૃક્ષારોપણ', 'લગ્ન અને વિશ્વજીવન', 'જીવનમાં અને શિક્ષણમાં કલ્પનાનુ સ્થાન' જેવા લેખો પણ 'પ્રસ્થાન' ની આ નવી દૃષ્ટિની સાક્ષી પૂરે છે. નરહરિ પરીખે વર્ધાના આશ્રમશાળાના બહેનોને અર્થશાસ્ત્રનું જ્ઞાન સારી રીતે મળી રહે એ માટે શરુ કરેલી પત્રાવલિ 'અર્થશાસ્ત્ર પ્રવેશિકા' પણ 'પ્રસ્થાન'માં પ્રકટ થઈ હતી. 'ગુણરજ્જુવાદની દૃષ્ટિએ અનુવંશશાસ્ત્ર' જેવી લેખમાળા નગીનભાઈ પટેલ ધ્વારા લખાયેલી છે. નવા માનસશાસ્ત્ર ની મુખ્ય શોધ ગણાયેલ 'ગ્રંથિ' (કોમ્પ્લેક્ષ) પરની લેખમાળા નવા વિષયોને વાચકો સામે મૂકી આપવાની રીતિના સૂચનરુપ છે. માનસશાસ્ત્રીય લેખો ચન્દ્રકાંત ભટ્ટ, નરોત્તમ પટેલ જેવા અભ્યાસીઓના ઊંડા અભ્યાસનો આલેખ આપે છે. બાપાલાલ વૈદ્ય 'પ્રસ્થાન'ના માનીતા લેખક રહયાં છે. એમણે લખેલા આરોગ્યને લગતાલેખોનું વૈવિધ્ય આશ્ચર્ય પમાડે એટલું વિશાળ છે. 'રજો દર્શન' જેવા વિષયને સમજાવવા એ પત્રસ્વરુપને પસંદ કરે છે તો 'ગાંધીજીની અન્નમીમાંસા' 'ગુજરાતની વનસ્પતિઓ', રસ્તા પરના વૃક્ષો' પર પણ તેની આસ્વાદ્ય કલમ વિહરે છે. 'દિનચર્યા' નામની લેખમાળા આરોગ્યમાં વિશિષ્ટ છે. 'દાતણ કેમ કરશો ? થી માંડીને ટૂથપેસ્ટને પસંદ કરવી કે નહીં', ઉલીયાનો ઉપયોગ કેમ કરવો ત્યાં સુધીની શાસ્ત્રીય પધ્ધતિની ચર્ચા દૃષ્ટાંતો સાથે પ્રાપ્ત થયેલી છે. દૈનિક ક્રિયામાં સ્નાન, તૈલાભ્યંગ, ચા વિશે, ભોજન, વસ્ત્રધારણ જેવી નાની-નાની વિગતોમાં રાખવી પડતી કાળજીને બાપાલાલે રસ પ્રદ લેખોમાં દર્શાવી આપી છે. 'આપણા શાકો' વિશેની એમની ચર્ચા 'પ્રસ્થાન' ના પંદર પાનામાં વિસ્તૃત આલેખાઈ છે ત્યારે આપણી જાણીતી કહેવત 'પહેલું સુખ તે જાતે નર્યા'ની

ફળશ્રુતિ અહીં સાંપડે છે. ડાહ્યાભાઈ જાની દ્વારા લખાયેલી 'દુગ્ધાન્ન શાસ્ત્ર' લેખમાળા પણ આ વિષયનો ઉત્તમ નમૂનો પૂરો પાડે છે. આજે તો સમૂહમાધ્યમોને તૈયાર ખોરાક(ફાસ્ટ ફૂડ) બનાવનારા ઢગલાબંધ ઉત્પાદકોની જાહેરખબરો આપવાનો અધિક રસ ઉમટતો જાય છે અને ચાર્વાક વંશ પ્રજાસમુહની જીવનરીતિનું ત્રાજવું પણ એ બાજૂ વધુ ને વધુ ઢળતું જાય છે ત્યારે આ લેખકોની ચિંતાને કોઈ સામયિક પાને પુનર્મુદ્રિત કરવી જોઈએ. આજના અખબાર પૂર્તિની ખાસ કોલમ બની બેઠેલી જાતીય ચર્ચાના વિષયો 'પ્રસ્થાન'માં જે સંયમથી મૂકાયા છે એ દરકાર જોઈને સહેજે 'પ્રસ્થાન'ની વિશિષ્ટતા પ્રત્યે ધ્યાન દોરાય જો કે આલેખોની સંયમિત શૈલીના કારણે ઘણું બધુ અસ્પષ્ટ રહી ગયાનો અનુભવ પમાય પરંતુ ૧૯૩૦ના જમાનામાં આ પ્રકારના લેખો મૂકીને 'પ્રસ્થાન'ને પોતાની આગવી દિશા કંડારી હતી. 'ફરી જુવાની' ?, 'કેળવણી અને કામવિજ્ઞાન', 'સંતતિ નિયમન' જેવા લેખની ચર્ચાઓમાં વૈજ્ઞાનિક સત્યો અને વાસ્તવ સુધી પહોંચવાના બદલે ગાંધીજીના બ્રહ્મચર્ય વિશેના વિચારો અને પુરાણોના સંયમ પ્રતિના દાખલાઓ અપાયા છે.

'માનસી'માં રાષ્ટ્રીય વલણે જે દેખા દીધી હતી એ રાષ્ટ્રવાદ 'પ્રસ્થાન'માં પૂર્ણપણે ફેલાયેલું જોઈ શકાય છે. અસહકારની ચળવળથી માંડીને અહિંસા,ગ્રામોદ્ધાર, અસ્પૃશ્યતા નિવારણ, સ્ત્રી શિક્ષણ, કોંગ્રેસ અધિવેશનો અને ગાંધીજીના જુદા જુદા કાર્યો પર લખાયેલા લેખોની સંખ્યા એટલી વિપુલ માત્રામાં છે કે એકસ્વતંત્ર પુસ્તક આ વિષય સંદર્ભે થઈ શકે. 'ઈંગ્લાન્ડમાં સ્વદેશી', 'લાહોરમાં મહાસભા'; હિંદ બ્રીટાનીઆ', 'વિદેશી કાપડ બહિષ્કાર', 'હિંદુસ્તાનમાં ગાંધીજીના ૧૬ વર્ષ,' 'આપણા લંગીઓ અને મ્યુનિસિપાલિટીઓ' જેવાલેખો પ્રવર્તમાન સંજોગોનું તાદ્દશ્ય ચિત્રણ કરે છે. સુમંત મહેતા અને નગીનદાસ પારેખ દ્વારા ગાંધીજીની દાંડી કૂચ પછીની સ્થિતિના દૃશ્યને જીવંત કરતાં 'યુધ્ધપત્રો'નાં લખાણો પણ રાષ્ટ્રીય સ્તરે ફૂંકાયેલા આઝાદી વંટોળને ચીંધે છે.

કિશોરલાલ મશરુવાળા અને કાકા કાલેલકરના 'પ્રસ્થાન'માં લખાયેલા લેખોની એક વિશેષ બાજૂ એ પણ છે કે એ લેખોમાં દેવનાગરી લિપિનો ઉપયોગ કરવામાં આવ્યો

છે. 'પ્રસ્થાન'માં કિશોરલાલે લિપિની સુધારણા અંગે જેહાદ જગાવેલી. એમના અન્ય લેખોમાં 'સામુદાયિક ઉપાસના', 'કાનડી ભાષામાં ડોકિયું', 'વ્યાજખીમાંસો', 'લગ્નવિધિ જેવા લેખો પણ મહત્ત્વના છે. કાકા કાલેલકરનો જાણીતો લેખ 'કળાનું ક્ષેત્ર' કળા અને નીતિની ચર્ચા કરે છે. તેમના અન્ય લેખો- 'લિપિ અને ગુજરાતી સંસ્કૃતિ', 'અહંપ્રેમ' 'જીવતી પ્રતિક્રિયા' જેવા વિચાર પ્રધાન લેખો આપ્યા છે. કૃપલાનીના 'સ્વતંત્રતા અને સંયમ' વગેરેમાં પણ ગાંધીજીના આદર્શનો રણકો સંભળાય છે. દેવનાગરી લિપિ યોજવા પાછળ એ લિપિ દ્વારા હિંદી-મરાઠી જનતા ગુજરાતી ભાષા સહેજે વાંચી શકે-સમજી શકે એવો ખ્યાલ હતો. કિશોરલાલની આ ઉત્કટ ભાવનાએ એમને દેવનાગરીના ટાઈપ બનાવવાની મહેનતમાં પ્રવૃત્ત કર્યા હતા પરંતુ ટાઈપ ફાઉન્ડ્રીએ કરવી પોઈતી નવી ડાઈની વ્યવસ્થા અને નાણાંકીય વ્યવસ્થાના અભાવને કારણે આ પ્રયોગ આગળ પ્રગતિ સાધી શકયો ન હોતો ત્યારે રણછોડજી મિસ્ત્રીએ આ બાબતે હામ બીડી અને એ કાર્ય પાર પાડવા માથે લીધું. ડાઈ કરાવી, નવા ટાઈપો પડાવ્યા તે પછી કિશોરલાલના જે અનેક લેખો 'પ્રસ્થાન' માટે ગળ્યાં તે સઘળા દેવના- -ગરીમાં જ પ્રસિદ્ધ કર્યા અને વધારામાં 'સરસ્વતી ગ્રંથમાળા'માં તેમનું 'સ્ત્રી-પુરુષ મર્યાદા' એ આખુંયે પુસ્તક એ લિપિમાં જ છાપીને પ્રકાશિત કર્યું. જો કે કિશોરલાલના અને એ કાર્ય પાછળ ઘસાયેલા રણછોડજી મિસ્ત્રીના આ સમર્થ પ્રયત્નને જોઈતો આવકાર સાંપડયો ન હોતો. પરંતુ દેવનાગરી લિપિ પાછળનો એ વ્યક્તિગત પરિશ્રમ ભાષા પ્રત્યેની ઉંડી ખેવનાને અને વ્યાપક સમજને વ્યકતકરે છે.

સાહિત્ય અને અન્યકલાઓને સ્પર્શતા નોંધનીય લેખોને પ્રકાશિત કરવામાં 'પ્રસ્થાને' મહત્ત્વનું પ્રદાન કર્યું છે. આ લેખ સામગ્રી ગુજરાતની સાંસ્કૃતિક, સાહિત્ય તપાસના મર્યાદિત વર્તુળમાં ન રહેતા અન્ય દેશોના સાહિત્ય અને કલાયોમાં રહેલા વિશેષાને પણ પ્રકટાવે છે. ઈન્દુમતી દિવાનનો 'ગાલ્સવધીના ચાર નાટકો', ગજાનન પાઠકના 'હિંદ સ્થાપત્યની ચમત્કૃતિઓ', 'ગુજરાત કલા પ્રદર્શન', દુર્ગાશંકર શાસ્ત્રીના 'સંસ્કૃતિની જાળ', નગીનદાસ પારેખના 'દ્વિજે-દ્રલાલનો હાસ્યરસ', રસિકલાલ પરીખ લિખિત બોધાંયનની નાટયકૃતિ 'ભગવદ્ જજુકીય' વિશેનો લેખ, 'માલવિકા- -ગ્નિમિત્રમ્' નાટક વિશેના લેખો અન્ય દેશ-પ્રાંતના સાહિત્યને ગુજરાતી સાહિત્ય

સાથે મૂકી આપવાના પ્રયત્નરૂપ છે. 'હિંદની પ્રાંતિક ભાષાના કવિઓ', હિન્દી તેમજ ફારસી સાહિત્યના વિશેષોને પ્રકટ કરતાતો કયારેક તુલના કરતા લેખો ભારતીય સાહિત્યના વલણો અને ઈતિહાસને ચર્ચામાં ગૂંથે છે. ફિરોજ કાવઈજી દાવર જેવા વિદ્વાન પાસે તંત્રી વારંવાર ઉઘરાણી કરી લેખ મેળવીને મૂકે છે. 'પારસીઓ અને હિંદુઓ વચ્ચેનો પ્રાચીન ઐતિહાસિક સંબંધ' એ વિષય પરના લેખ વખતે એટલે જ લેખકે નોંધ્યુ છે: ' રા. વિ.પાઠક તરફથી ગયા વર્ષે આજ્ઞા થયેલી કે પારસીઓ અને હિંદુઓ જેઓ હમણાં એક મેકને યોગ્ય રીતે ઓળખવાની પરવા કરતા નથી તેમના વચ્ચે એક ગાઢ સંબંધ ચાલુ હતો અને હવે પછી પણ કાયમ રહે એવી મતલબનો લેખ મારે 'પ્રસ્થાન' માટે લખવો'.[૧૫]

૧૯૨૬માં મુંબઈ ખાતે યોજાયેલી ૮મી સાહિત્ય પરિષદના ભાષણો અને ચર્ચાઓ 'પ્રસ્થાને' પ્રકટ કરેલી છે. રમણભાઈ નીલકંઠનું પ્રમુખીય ભાષણ 'પ્રસ્થાન'ના ૧૯ જેટલા પૃષ્ઠો રોકે છે. એ રીતે છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદના ભાષણો'પ્રસ્થાન' ના એક જ અંકના ૪૫ જેટલાં પૃષ્ઠોમાં પ્રકાશિત થયા છે. એ ઉપરથી જણાશે કે ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિની ચર્ચા-વિચારણાઓ 'પ્રસ્થાને' પૂરતા પ્રમાણમાં ઝિલી છે.

મુનિકુમાર ભટ્ટના 'ભાષાનો વિકાસ' અને ડોલરરાય માંકડે કાઠીયાવાડી બોલીના કેટલાક વિશિષ્ટ તત્ત્વોની તપાસ દીર્ઘલેખમાંમૂકી આપી છે. આ સિવાય ડોલરરાયનો 'શેષના ઉપમા ચિત્રો' જેવો લેખ પણ નોંધનીય છે. 'રમણભાઈનો હાસ્યરસ' (ગગનવિહારી મહેતા), 'કલા વિશે કેટલાક વિચારો' (શાંતિલાલ ઠાકર), 'કવિતા અને નવી ગુજરાતી કવિતાના રૂપો (સ્નેહરશ્મિ), 'ગુજરાતની નવીન કવિતાકેટલાક રેખાંકન ( રંજિતલાલ પંડયા), 'ધ્વનિ સંપ્રદાય' (રતિલાલ જાની) 'કાંતના કાવ્યોમાં પ્રતીત થતું કાંતનું માનસ' (હીરાબેન મહેતા) ઉપરાંત 'સોરઠી બહારવટીઆની મીમાંસા' અને આત્મકથાનક 'સોરઠના ખંડેરોમાંનું એક પ્રકરણ 'ચાંચની ખાડીમાં' (મેઘાણી) 'પ્રસ્થાને' પ્રકાશિત કર્યા હતા. કેશવ કામદારનો દીર્ઘલેખ 'સરસ્વતીચંદ્રનું રાજકારણ' ત્રણ અંકોમાં પ્રકાશિત થયેલો છે. આ લેખયાદી જ સૂચવે છે કે 'પ્રસ્થાને' ગુજરાતી સાહિત્યની અભ્યાસશીલ વિચારણા રજૂ કરતા લેખોને હંમેશા પોતાના

પૃષ્ઠો પર આગ્રિમ સ્થાન આપ્યું છે. 'કુંદમાલા' અને ઉત્તર રામ ચરિત' વચ્ચેનું સામ્ય તપાસતો હસમુખ સાંકળિયાનો લેખ તેમજ રાસ સંબંધી ઐતિહાસિક ઉલ્લેખો' જેવો મધુસુદન મોદીનો સશોધીત લેખ પણ 'પ્રસ્થાન' ની અભ્યાસ લાક્ષી સાહિત્યિક સામયિક તરીકેની ઓળખને વધુ દૃઢ કરે છે.

મરાઠી ભાષામાં પ્રકાશિત થતા 'જ્યોત્સના' નામના માસિકના અનેક વિધ હેતુઓ પૈકી એક હેતુ હિન્દી, ગુજરાતી, કાનડી વગેરે ભાષાઓના અગ્રણી સાહિત્યકારોનો તેમજ તે તે ભાષાના સાહિત્યનો વ્યાપક પરિચય પોતાના વાચકોને કરાવવાનો હતો. તે અનુસાર ગુજરાતી ભાષાના સુપ્રસિધ્ધ વિવેચકો અને સાહિત્ય કારો રામનારાયણ પાઠક, ઉમાશંકર, સ્નેહરશ્મિના પરિચય મહારાષ્ટ્રના યુવા લેખક ખંડેરાવ ત્રયંબક સુળેએ આપેલા. જેનો 'પ્રસ્થાન'ને પણ સમયાંતરે પ્રકટ કરેલા. આ પ્રકારની સ્વતંત્ર લેખમાળા 'સાહિત્ય ને ઓવારેથી ' શંકરલાલ શાસ્ત્રીના નામે 'પ્રસ્થાને' પ્રકટ કરેલી હતી. જેમાં ગજુરાતી સર્જકોના સર્જનની વિશદ્ છણાવટો અને સર્જકની સિધ્ધિ- મર્યાદાઓને વાચકો સમક્ષ મૂકી આપવાનો પ્રયત્ન થયેલો જોઈ શકાય છે. વિદ્યાબહેન નીલકંઠ, કેશવલાલ ધ્રુવ, આનંદશંકર ધ્રુવ, ન્હાનાલાલ, કનૈયાલાલ મુનશી જેવા એનેક સાહિત્યકારોનો વિગત પૂર્ણ પરિચય લેખમાળામાંથી પ્રાપ્ત થાય છે.

o બ.ક. ઠાકોર અને 'પ્રસ્થાન'

બ.ક.ઠાકોરની યશસ્વી લેખમાળા ' આપણી કવિતા સમૃધ્ધિ' 'પ્રસ્થાન'ની લાક્ષણિક સિધ્ધિ બનીને રહી છે. સ્વાતંત્ર્ય ચળવળમાં સક્રિય કામગીરી કરવા માટે રામનારાયણને જેલ થયેલી ત્યારે રામનારાયણના લખાણોની ખોટ પૂરવા ઠાકોરને 'પ્રસ્થાન' માટે કોઈ લેખમાળા શરુ કરવાની વિનંતી થયેલી. એ વખતે ઠાકોરે કવિતાપ્રવાહ પર લખવાનું સ્વીકાર્યું હતું. ઠાકોરની કવિતા અને કાવ્ય વિભાવનાએ જ્યારે ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પંક્તિનું સ્થાન ગ્રહણ કરી લીધેલુ એવા સમયે ૧૯૨૯ ના છઠ્ઠા અંકથી ગત સાઠ વરસની કવિતામાંથી ઉત્તમ લાગેલાં કાવ્યો, એનાપરની પોતાની

વિશિષ્ટ નોંધ સાથે એમણે આપવા માંડયા, એમાં સાહિત્ય ક્ષેત્રે સ્થાપિત કવિઓની સાથો સાથ તદ્દન નવોદિત કવિઓની નોંધનીય કૃતિને પણ સ્થાન આપીને એમાં રહેલા વિશિષ્ટ ઉન્મેષોનો પરિચય એમણે કરાવેલો છે. એ રીતે 'નવકવિતાના પુરોહિત' બનેલા ઠાકોરને ઉમાશંકર જોશીએ પોતાની પહેલી કાવ્ય રચના 'વિશ્વશાંતિ' મોકલેલી 'અભિપ્રાય મેળવવાનો હકક છે.' એ પ્રકારની વિનંતી સાથે—ત્યારે ઠાકોરે પોતાની લાક્ષણિક શૈલીમાં લખ્યુ હતુ કે : 'અભિપ્રાય માગવાનો હક કોણે લખી આપ્યો વાટું ? ૧ – મહાત્મા ગાંધીએ ? ૨ – પંચમાં જયોર્જે ? ૩ – બ્રહ્માએ ? ખમ્મા અંગ્રેજ સરકારને કે અહીં તો દર છાશવારે ને શુક્રવારે છાપા—ચોપાનિયા, ફરફરિયા આવી આવીને કલવાય !. તે બધાને મારી પાસે અભિપ્રાય માંગવાનો હક વાટું ? છટ્ટા !'[16] ઉમાશંકરની કૃતિ આ લેખમાળા માટે ઠાકોરને જોઈતી હતી પરંતુ સંપર્કના અભાવે એ કામ થઈ શકયું ન હોતું. તે છતા ઠાકોરના આગવા અભિપ્રાય પામેલી ૪૦ જેટલી કાવ્ય કૃતિઓના આસ્વાદો આપણી કવિતા પરંપરાને સમજવાની તેમ કાવ્ય વિવરણ આપવાની વિશિષ્ટ રીતિને ચીંધી બતાવે છે. સર્વ ભોગ્ય થઈ પડેલી આ લેખમાળા ૧૯૩૦માં ઠાકોરે પૂર્ણ કરી ત્યારે સંપાદક સહિત અનેક મિત્રોની ભાવના તેને શરુ રાખવાની હતી પરંતુ એના જવાબમાં ઠાકોર લખે છે : 'ઉત્તમ શિક્ષક તો એ જેના શીખવેલા શિષ્યો તેની મદદ વગર જ પોતાની સ્વતંત્ર વિચારણા ખેડતા અને તે ઉપર શ્રધ્ધા રાખતાં જલ્દી શીખી લે. આવી પ્રવૃત્તિઓનું ઉત્તમ કાર્ય દિગ્દર્શનનું છે. દેખાડેલી પધ્ધતિએ સ્વતંત્ર વિચારણા ઉત્પન્ન કરવાનું છે.'[17]

આ લેખમાળાની એ પણ વિશિષ્ટતા હતી કે એનાં લેખને અંતે આવતા અંકના કવિ અને કવિતાનું સૂચન થતું. કાવ્ય તત્વને પૂરી તન્મયતાથી અને કવિતામાં છૂપાયેલા ગૂઢ સંકેતોને ભાવકો સમક્ષ મૂકીને કવિની કાવ્ય પ્રતિભાને ચીંધવાનું આ વિશિષ્ટ પ્રદાન આજના મોટાભાગના સામયિકોમાં, કવચિત્ અખબારોમાં પ્રકટ થતા કાવ્ય આસ્વાદોને કારણે આપણે શ્રેષ્ઠ એટલું નવાઈ ન પમાડે પરંતુ એ સમયગાળાના સામયિકોમાં કવિતાનો આસ્વાદલક્ષી પ્રયોગ 'પ્રસ્થાન'માંથી જ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત ઠાકોરે, 'મહાભારતનું આદિપર્વ' ની સંશોધિત આવૃતિ વિશે બે અંકમાં વિસ્તૃત આલોચના લખી છે. એમનો ' ગુજરાતી

સાહિત્ય પરિષદ અને સાહિત્ય વિષયક સ્નેહ સંમેલનોમાટે આશયપોષક બંધારણની આવશ્યકતા' વિષયક લેખ સાહિત્ય પરિષદના હોવાજોઈતા બંધારણ માટે જે ચિંતા સેવે છે તેમાં ઠાકોરની સાહિત્ય પ્રીતિ સાથે એ સમયની સાહિત્યિક આબોહવાનું ચિત્ર પણ ઝિલાય છે. એ લેખની કેટલીક છટા જુઓ : 'બંધારણ શબ્દ સાંભળીને આરણ્યક વછેરાની જેમ ઝાડ થાય એવા ઉર્મિલ બંધુઓને છેવટ બેઅધીન બોલ કહી લઉ. બંધારણ એટલે બેડી કે ચાબુક, કડવી દવા કે જુલાબ કે કંઈક જાતે જ સાહિત્ય વિરોધી અને શુષ્ક એવા એવા ખ્યાલ – છેક જ ખોટા છે. ગુજરાતમાં સારે માઠે પ્રસંગે નાતો જમે છે તે જ જુવો એટલે તેમાં બંધારણ પાળનાર નાતોના પંકિત ભોજન અને ન પાળનાર, ન પાળી શકનાર, પાળી શકવાની અગત્ય પણ ન સમજનાર, નિયમન માત્ર ને જુલ્મ ગણનાર, સ્વતંત્રતાને નામે ઉચ્છૃંખલતાને સેવનાર નાતોના પંકિત ભોજનમાં શા શા ફરક પડી જાય છે તે તુર્ત જ ધ્યાનમાં આવશે. ઝાઝા માણસે મળી હળીને કરવાના કોઈપણ સંઘકાર્યને એને વિષયાનુરુપ અગત્યની વ્યવસ્થા અને સંયોજન શકિત આવશ્યક છે. સૌનો લાભ લેવાય, સૌ લાભ લઈ શકે તેમ-તેમ, જેમ જેમ માણસો સ્વયંભૂ રુચિ અને આદરથી સાદા પણ ઉપયોગી નિયમો પાળીને વર્તે તેમ તેમ- શું દરેકને – શું સૌને ઉલટો વિશેષ આનંદ આવે કેમકે જે આશયથી ઉધુકત થયા હોય તેની સવિશેષ સિધ્ધિ આ રીતે જ પ્રાપ્ત થાય અને આ સ્વંય સ્વીકૃત નિયમન-તેનું નામ જ બંધારણ'.[૧૮] અહીં એક હથ્થુ સત્તાને બદલે આ વિકેન્દ્રીકરણમાં તેમ સ્વંયસ્વીકૃત બંધારણ ઘડવાથી પ્રવૃતિઓની યથેચ્છ પ્રગતિ સાધી શકાશે એવો ઠાકોરનો દૃઢ આગ્રહ વ્યકત થયો છે.

## ૦ લેખ સામગ્રીની ઉપકારકતા

'યુગધર્મ' માસિકમાં ઈન્દુલાલ યાજ્ઞિકની પ્રબળ રાષ્ટ્રભાવના અને એ રાષ્ટ્રભકિતને પ્રજાહૃદયમાં દૃઢમૂલ કરવા સામગ્રીઓનો યોજાયેલો અસરકારક પ્રચાર આપણું ધ્યાન ખેંચે છે. 'વિશ્વ ઈતિહાસ, જગત રાજકારણ, સ્વાતંત્ર્ય અર્થે લડતી પ્રજાના બયાનો, સમાજ, શિક્ષણ, સાહિત્ય જેવા વિષયોમાં 'યુગધર્મ'ની અક્ષર છબી 'પ્રસ્થાન'માં

નિહાળી શકાય છે ત્યારે રાજકારણ, અર્થશાસ્ત્ર જેવાઅનેક વિષયોને અપાતુ મહત્વ સાહિત્ય લક્ષી સામયિકના સ્વરુપને જોખમી ન નીવડે ? સાહિત્યના ભાવકને રુપિયાના વધતા-ઘટતા મૂલ્ય, રશિયામાં ચાલતા વિગ્રહ કે ભીલજાતિની પરંપરાઓમાં કેવો અને કેટલો રસ ઊભો થતો હશે એ પ્રશ્ન થાય. અને ત્યારે 'યુગધર્મ' કે 'નવચેતન' સામયિકની જીવનલક્ષી વિચારણાની કેડી પર 'પ્રસ્થાન' પણ ગતિ કરતું રહ્યું હોવાનો અંદાજ બાંધી લેવા કોઈ તત્પર થાય પરંતુ જીવનની સર્વતોભદ્ર ઉપાસનાને નજરમાં રાખતાં 'પ્રસ્થાન'ની વિશેષતા તેના સંપાદનને કારણે અલગ ભાત રચી આપે છે. નવજાગરણ કાળનાજીવન સાથે જડાયેલા અનેક પ્રશ્નોની ચર્ચા કરતા અંકમાં સાહિત્ય સ્વરુપ લક્ષી કોઈને કોઈ ઉત્તમ કૃતિ પ્રકાશિત થતી રહી છે જે ભાવકોને સંતર્પક બને. એ કવિતા હોય, નવલિકા હોય કે પછી સાહિત્યની અન્ય વિષયની ચર્ચા વિચારણા કરતાંલેખ હોય પરંતુ એ સામગ્રી રામનારાયણની નજર તળેથી પસાર થયા બાદ 'પ્રસ્થાન'ના વાચકોને માટે જ નહીં ગુજરાતના સાહિત્ય ઈતિહાસમાં પણ એ કૃતિઓ યાદગાર નીવડી આવી છે. નવા નવા અભ્યાસીઓ અને વિધ્વાનો પાસેથી મેળવેલી સામગ્રીનું વૈવિધ્ય અને એમનું મહત્વ પ્રસ્થાપિત કરવાના 'પ્રસ્થાને' જે પ્રયત્નો કર્યા તેમાં તે નિઃશંક રીતે પાર ઉતરે છે.

### ૦ સર્જક રામનારાયણ પાઠકનું પ્રદાન : 'પ્રસ્થાન'ના સંદર્ભે

જેમ ગુજરાતને માટે'પ્રસ્થાન' સાહિત્ય અને સંસ્કાર સંવર્ધક સામયિક બની રહ્યું એમ 'પ્રસ્થાન' સાથે અભેદ સાધનારા રામનારાયણને માટે પણ એ સાહિત્ય સંવર્ધક સામયિક બન્યું. 'પ્રસ્થાન'ના જે - તે વિભાગોમાં સંપાદકની ફરજ રુપે લખવા પડેલાં લખાણોથી રામનારાયણમાં છુપાયેલા સર્જકને બહાર લાવવામાં 'પ્રસ્થાને' મોટો ફાળો આપ્યો છે. કાંતિલાલ કાલાણી યોગ્ય રીતે જ નોંધે છે કે:'ગુજરાત વિદ્યાપીઠમાં તેમનું આગમન જેમ તેમના જીવનની એક મહત્વની ઘટના છે. તેમ 'પ્રસ્થાન' નું સંપાદન એમને શિરે આવ્યું તેને એમના જીવનની બીજી નોંધપાત્ર ઘટના ગણવી જોઈએ. 'પ્રસ્થાન'ને લીધે તેઓ ગુજરાતના સાહિત્યકારોના પ્રત્યક્ષ-પરોક્ષ સંપર્કમાં આવ્યા. તેમાંના કેટલાકની અભિરુચિ ઘડવામાં તેઓ નિમિત્ત બન્યા અને સૌથી વધુ ફાયદો એમની લેખન પ્રવૃત્તિને વેગ મળ્યો તે.

એમની પાસેથી વધુ વાર્તાઓ, કાવ્યો, નાટકો અને 'સ્વૈર વિહાર'નાં લખાણો મળ્યાં તે 'પ્રસ્થાન' ને કારણે.[૧૯] આમ, કવિ, વાર્તાકાર, નિબંધકાર કે વિવેચક તરીકે રામનારાયણના ઘડતરમાં 'પ્રસ્થાન'નું બહુમૂલ્ય પ્રદાન છે. વિદ્યાપીઠની શૈક્ષણિક કામગીરી સાથે સાહિત્યનું શિક્ષણ ગુજરાતના ખૂણે ખૂણા સુધી પહોંચાડવામાં 'પ્રસ્થાન' જ એમનું વાહન બને છે. મુનશી સંપ્રદાયના મુખપત્ર 'ગુજરાત' અને પાશ્ચાત્ય સાહિત્ય-સિધ્ધાંતોનો પુરસ્કાર કરનારા 'કૌમુદી' સામે ગાંધીદૃષ્ટિ સાથે સ્વાતંત્ર્ય ચળવળ અને ગાંધી પ્રભાવનો પડઘો પાડતા ગાંધી યુગના સર્જકોનું માનીતું સામયિક બની જતાં 'પ્રસ્થાન'ને વાર ન લાગી એનું કારણ રામનારાયણની સંપાદકીય- વિવેચકીય કુનેહની સાથોસાથ રામનારાયણની સર્જક દૃષ્ટિ પણ કારણભૂત હતી. રામનારાયણનાં ઠીકઠીક સર્જનાત્મક તેમજ વિવેચનાત્મકલખાણો 'પ્રસ્થાન'ની જરૂરિયાતને કારણે ઉદ્ભવેલાં છે. એક સામયિક એના સંપાદકને વિવિધ દિશાઓમાં લખવા માટે પ્રવૃત્ત કરે એ સમકાલીન સાહિત્યની આબોહવાને સંદર્ભે તેમજ સંપાદકના વિકાસ સંદર્ભે પણ મોટું પરિણામ લાવતા હોવાના ઉદાહરણો આપણી સામે મોજૂદ છે. રામનારાયણ અહીં વિવિધ ઉપનામો સાથે દેખા દે છે. 'પ્રસ્થાન'માં જુદા જુદા લખાણો અને સ્વરુપોની આવશ્યકતા જણાતાં રામનારાયણે પોતાના લખાણો 'શેષ' (કવિતા ), દ્વિરેફ (વાર્તા), સ્વૈરવિહારી (નિબંધ) જેવા વિવિધ ઉપનામે મૂકયાછે. એથી સુન્દરમ્ તો એવું કહેવા પ્રેરાય છે કે : 'ગુજરાતના લેખકોને અનેક ઉપનામો ધારણ કરવાનો ચેપ લગાડનાર આદિપુરુષ શ્રી પાઠક છે.'[૨૦] માસિકમાં એક ને એક નામે બધી સામગ્રી છપાય એ સારુ ન લાગે તેથી ઘણીવાર ઘણી સામગ્રીના એક જ લેખકની આમ બાહ્યાભાસી અનેકતા બતાવવાનું એમ એમણે કર્યું હશે. રામનારાયણનાં ઉપનામો આ રીતે જ શોધાયાં હોવાનો કાંતિલાલ કાલાણીનો મત યોગ્ય લાગે છે.[૨૧]

'જાત્રાળુ' અને કેટલીક વાર 'ભૂલારામ' નામે પ્રકટ થયેલી ('થાકયા આવડું બૈરીથી' વ.) કાવ્યા રચનાઓ પછી રામનારાયણની કાવ્ય કૃતિઓ શેષ'ના ઉપનામે જ પ્રસિધ્ધ થયેલી છે. જેમાં 'રાણકદેવી', 'ગ્રીષ્મની એક સાંજ', 'સિન્ધુનું આમંત્રણ', 'આવી નિશા', 'મા મહેશ્વર', 'ઉદધિને', 'નવવરવધૂ', 'જયારે આ આયખું ખૂટે',

'એ ચિંતી ઊર્મિ', 'દરિદ્ર જન્મોનો', 'આતમરામ', 'માઝમરાત', 'પરણામ' જેવા કાવ્યોનો સમાવેશ થાય છે. 'છેલ્લુ દર્શન' જેવું પ્રસિધ્ધ સોનેટ પણ 'પ્રસ્થાન'માં પ્રકટ થયેલું. લગભગ ત્રીસેક જેટલી રચનાઓ 'શેષ' ઉપનામે રામનારાયણે 'પ્રસ્થાન'ના અગિયાર વર્ષોના સંપાદન ગાળામાં પ્રસિધ્ધ કરેલી છે.

કાવ્યની તુલનાએ રામનારાયણને કૃતિઓ લખવા માટે વધુ પ્રવૃત્ત કરનારું ક્ષેત્ર નવલિકાનું છે. પ્રકટેલી કાવ્યકૃતિઓ સહજોત્થ સંવેદનનાના ફળસ્વરુપ છે જ્યારે નવલિકાલેખન બાબતે રામનારાયણે પોતે જ નોંધ્યું છે:'વાર્તા લખવાની સ્વયંભૂ ઈચ્છા મને કદીયે થયેલી નહીં. તરંગો થયેલા પણ તે માત્ર તરંગો જ, સ્ફુટ ઈચ્છા નહિ. પણ માથે પડયું માણસ શું નથી કરતો ! વાર્તા લખવાનું 'યુગધર્મ' માં વાર્તાનું અંગ ઉમેરવાનો નિશ્ચય થયેલો ત્યારથી મેં વાર્તા લખવાનું શરુ કર્યું. એ પ્રવૃત્તિ 'યુગધર્મ' ચાલ્યું એટલો વખત ચાલી. 'યુગધર્મ' બંધ પડતા પાછી બંધ પડી. 'પ્રસ્થાન' શરુ થતાં પાછી શરુ થઈ. વાર્તાલેખનને હું મારી મુખ્ય પ્રવૃત્તિ માની શકયો ન હોતો ! અત્યારે પણ માની શકતો નથી.'[૨૨] વાર્તાલેખન વિશેનો આ પ્રતિભાવ સ્પષ્ટ કરે છે કે સામયિકમાં ખૂટતી સામગ્રીના કારણો જ રામનારાયણને વાર્તા લેખન માટે પ્રેરક રહી છે. આ અખતરાઓમાં સર્જકને નિતાંત રસ પડવા લાગે અને સ્વરુપને ગંભીરતાવે ઉપાસવાનું બને ત્યારે એ સ્વરુપમાં સર્જક ઉત્તમ રહી લાવતો હોય એનું ઉદાહરણ રામનારાયણ બને છે. 'યુગધર્મ' અને 'પ્રસ્થાન' માટે લખાયેલી ૧૩ વાર્તાઓનો સંગ્રહ 'દ્વિરેફની વાતો -ભાગ:૧' આપણા નવલિકાક્ષેત્રે નવાં જ પરિવર્તનો લાવવામાં ભાગ ભજવે એ સાહિત્ય ક્ષેત્રની તેમ પરદા પાછળ રહેલા સામયિક ક્ષેત્રની અવિસ્મરણીય ઘટના છે. એ જાણીતી વાત છે કે વાર્તાસર્જનની પ્રવૃત્તિ રામનારાયણે 'દ્વિરેફ' ઉપનામે કરેલી હતી. દ્વિરેફ વૃત્તિને સાર્થક કરતી સર્જક દૃષ્ટિ 'પ્રસ્થાન'માં પ્રકટ થવા માંડેલી એક પછી એક ઉત્તમ વાર્તાઓમાં નીરખી શકાય એમ છે. 'પ્રસ્થાન'ના પ્રથમ વર્ષે જ તેઓ 'જક્ષણી' અને 'મુકુંદરાય' વાર્તાઓ આપે છે. આ ઉપરાંત , હૃદય પલટો, 'પહેલું ઈનામ', 'સૌભાગ્યવતી', 'કંકુડી ને કાનિયો', 'ઈન્દુ', 'બે ભાઈઓ', 'છેલ્લો દાંડકય ભોજ', 'બે મુલાકાતો',

'સુરદાસ', 'રૈંકડીમાં', 'એક સ્વપ્ન' વગેરે વાર્તાઓ 'પ્રસ્થાન'માં પ્રકટ થઈ છે. પ્રયોગશીલી દાખવતી 'મહેફિલે કેસાને ગુયાન ઉર્ફે વાર્તા વિનોદ મંડળ'ની શરુઆતમાં જ, નોંધ ધ્વારા, સર્વ વાર્તા લેખકોને આ વાર્તા માળામાં જોડાવાનું ઈજન રામનારાયણે આપેલું. આ પ્રયોગ વિશે તેઓએ નોંધ્યુ છે : 'આ વાર્તા શૈલી પોતાની વાર્તા ઉપર ટીકા કરવાને, આધુનિક વાર્તા કલાના વિશીષ્ટ લક્ષણો તરફ ધ્યાન ખેંચવાને, અનેક પ્રકારની વાર્તા જેવી કે મોએ કહેવાની, લખવાની, મુખ્યત્વે સંવાદાત્મક, લેખક વચમાં વચમાં બોલતો જતો હોય તેવી કહેવાને, નવા સામાજિક બલો વાર્તાકલાને કેવી અસર કરે છે વગેરે દર્શાવવાને પૂરતી તક આપે છે વળી, દરેક લેખકને આ મંડળમાં મરજીમાં આવે તેવા, જુદા જ સ્વભાવના પાત્રો મૂકી નવા દૃષ્ટિબિંદુઓ સ્ફુટ કરવાની છૂટ રહે છે. અમે આશા રાખીએ છીએ કે આપણા સાહિત્યના સિધ્ધ હસ્ત લેખકો તેમજ વાર્તા પ્રયોગો કરનાર લેખકો આમાં સહકાર આપશે.' વાર્તાના આ નવીન પ્રયોગ વિશે જો કે રામનારાયણને કોઈ પ્રતિસાદ મળ્યો ન હોતો. પ્રાણ જીવન પાઠક સિવાય આ વાર્તામાળામાં કોઈ સર્જકે સક્રિય રસ દાખવ્યો હોય એવા ઉદાહરણો પ્રાપ્ત થતાં નથી એમ છતાં નોંધવુ જોઈએ કે વાર્તાક્ષેત્રની શક્યતાઓને તપાસવાનો રામનારાયણનો આ ઉપક્રમ 'પ્રસ્થાન' ધ્વારાથયેલો. વાર્તાક્ષેત્રે આવા પ્રયોગો કરવાની ભૂમિકા 'પ્રસ્થાને' જ પૂરી પાડી હતી.

'પ્રસ્થાને' મુનિકુમાર ભટ્ટ, ભગવત્ રામચંદ્ર ભટ્ટ તેમજ મરાઠી લેખકોના હાસ્ય નિબંધો પ્રસિધ્ધ કર્યા છે. 'પાનગોષ્ઠિ' નામે મળતાં ધૂમકેતુના હળવા નિબંધો 'પ્રસ્થાન'નું સ્મરણીય પાસું છે તેમ 'સ્વૈરવિહારી' ઉપનામે રામનારાયણે લખેલા હળવા નિબંધો આ ક્ષેત્રની વિશેષતાને ચીંધી આપનારા છે. સર્જકના મનમાં 'સ્વૈરવિહાર' નો અર્થ મુકતપણે અને મુક્ત મિજાજે કરેલો વિહાર કેન્દ્રમાં છે. નિરુપણની અને વિષય વસ્તુની અનેક વિધ છટાઓ રચતો આ સ્વૈરવિહાર રસળતી ભાષાએ વાચકોને પણ એ વિહાર તરફ દોરી જાય છે. જુદા જુદા અનેક વિષયો પર ચાલેલી સર્જકની કલમ સ્વૈરવિહાર હોવા છતાં સભાન પણ એટલી જ છે. ક્યાંક એ તીરછી નજરે જુએ છે. ક્યાંક ગંભીરતાના આવરણો રચીને અચાનક જ મર્મવેધી વિધાન મૂકી આપીને ચોંકાવે

છે. તો ક્યારેક વળી અતિતુચ્છ લાગતા વિષયમાંથી વિનોદ-વ્યંગને ઉપસાવી લે છે. વાર્તાની લોકપ્રિયતા સર્જકનો નિબંધ વિષય બને છે ત્યારે પ્રયોજાયેલી ભાષા કેવી ખૂબીથી વ્યક્ત થતી આવે છે એ જુઓ : 'હમણા તો વારતાનું નામ પણ સાંભળવુ નથી ગમતું. દિવાળી પહેલા પાંચ મહિનાથી જુદાજુદા વર્તમાન પત્રો એજ માંગણી કરતા હતા. સૌને વારતા જોઈએ પેલુ નાનુ સરખુ વાર્ષિક 'વીણા' તેને પણ વારતા જોઈએ.

આટલી બધી વારતાની ભૂખ પ્રજામાં પહેલા કદી નહોતી યૂરોપમાં સાંભળ્યુ છે કે સારા ક્રિકેટીયર કે હવામાં ઉડનારને સ્ત્રીઓ મુગ્ધ થઈને પરણે છે. આપણે ત્યાં કોઈ સ્ત્રી વાર્તા કહેનાર કે લખનાર ઉપર મુગ્ધ થઈ પરણે તેમને નવાઈ ન લાગે ! ઓથેલોપોતાના પરાક્રમોની વાતો કહેતો તેથી ડૅઝડીમોના તેના ઉપર મોહી પડી હતી. પણ તે તો સાચી જેવી હશે પણ ગુજરાત તો ખોટી વાતો ઉપર મુગ્ધ થવા માંડયુ છે. ગુજરાત ગાંડી તે માટે જ કહેવાતી હશે.

વારતા તો છોકરા કહેવરાવે, 'એક સારી.....વાર્તા કહોને ! પણ આ તો પ્રજા આખી બાળક થઈ ગઈ લાગે છે.' [૨૩] આમ, સર્જકનો યાદ્દચ્છિક સ્વૈરવિહાર જુદાજુદા સંદર્ભને જોડતો જઈ વિનોદ ઉપજાવતો ચાલે છે. ૧૯૨૬ થી જ શરુ થયેલા 'સ્વૈરવિહાર' નિબંધોનું મહત્વ 'પ્રસ્થાન'ને માટે ઘણું મૂલ્ય ધરાવતું હતું. કોઈવારઅતિ ટૂંકા તો કોઈવાર દીર્ઘ એવા સ્વરુપે મળતા 'સ્વૈરવિહાર'માં 'સાંખ્યશાસ્ત્ર', 'ધર્મ અને વિજ્ઞાન', 'નડીયાદ સાહિત્ય પરિષદ', 'કલા અને જીવન', 'કવિની મસ્તી' જેવા અનેક વિષયો ખેડાયાછે જેમાં રામનારાયણની નર્મ-મર્મ શક્તિનોસુપેરે ખ્યાલ આવે છે.

'સ્વૈરવિહાર' પછી 'મનોવિહાર'ની લેખ સામગ્રી રામનારાયણની વિચારકઅને નિબંધકાર તરીકેની ઓળખને પુષ્ટ કરી આપનારી બને છે. આ લેખો પણ 'સ્વૈરવિહાર' ની જેમ વિષય વસ્તુની દૃષ્ટિએ વ્યાપકતા ધરાવે છે અને તેમાં રહેલા સર્જકના ભિન્ન ભિન્ન પ્રયોજનોને તે સીધી બતાવે છે. 'પ્રસ્થાન'માં 'વિચાર સંક્રમણ' એ વિભાગતળે રામનારાયણે લખેલી સામગ્રી પુસ્તક રુપે 'મનોવિહાર'માં ગ્રંથસ્થ થઈ છે. જેમાં રામનારાયણે લખેલી રાષ્ટ્રીય, સામાજિક પ્રસંગો, કલા વિષયક ઘટનાઓની

નોંધ પ્રાપ્ત થાય છે. વિશ્વનાથ ભટ્ટના ચર્ચાસ્પદ વિધાન 'વિવેચક સર્જક ગણાય કે ? ની ચર્ચા કરતાં રામનારાયણે લખ્યું છે.' વિવેચન ઉર્મિ પ્રેરે છે એ ખરું પણ એ ઉર્મિની પ્રેરણા મૂળ તો કાવ્યમાં છે. અને તે બતાવવાનું કામ માત્ર વિવેચક કરે છે. અને એમ તો 'ઈતિહાસકાર કે ચરિત્રનિરુપક પણ મૂળ વિષયને ઉચિત ઉર્મિ પ્રેરે જ છે. એટલા જ ઉપરથી તેને સર્જક કે કળાકાર ન કહી શકાય. એટલે વિવેચકમાંસર્જન વ્યાપાર ચાલે છે એ ખરું પણ તે વ્યાપાર જાતની યોજનાના નિયમો શોધતા મોટા વિજ્ઞાનશાસ્ત્રી કે ઈતિહાસના બનાવોનો ખુલાસો કરતા કલાકાર જેવો નથી. સ્વતંત્ર ચિત્ર કાઢતા, સ્વતંત્ર રાગ ગાતા કે સ્વતંત્ર સૃષ્ટિ રચતા કવિનો સર્જન વ્યાપાર પેલા વિવેચક કરતા જુદો છે અને બંનેને માટે સર્જન શબ્દ વાપરવાથી સમજણમાં અને ભાષામાં ગોટાળો થવા સંભવ છે. એટલે વિવેચક કવિ કે સર્જક નથી.'[૨૪] ગંભીર વિચારણાઓ મૂકી આપતા આ પ્રકારના નિબંધોની સાથે 'લગ્ન વિચ્છેદ' વિશેના કાયદાની વિચારણા', 'અસહકારની ચળવળમાં સ્ત્રીઓ' જેવા નિબંધો રામનારાયણની માર્મિક નિરીક્ષણ શક્તિના દ્યોતક છે. જેમ 'સ્વૈરવિહાર'ના હળવી શૈલીના નિબંધો તેમ તાત્વિક ચર્ચાઓને ગૂંથતા ગંભીર વિષયવસ્તુના નિબંધાત્મક લખાણો પણ રામનારાયણ પાસેથી મેળવવામાં 'પ્રસ્થાન' માસિકની જરુરિયાતે ઠીકઠીક ભાગ ભજવ્યો હોવાનું જણાય છે.

'પ્રસ્થાન'માં પ્રકટ થયેલા રામનારાયણના લેખો તેમની વિદ્વત્ પ્રતિભાની સાક્ષી પૂરે છે. એ લખાણોમાં પંડિતયુગની અધ્યયન શીલતા અને ગાંધીયુગની સાદગી તરત નજરે ચઢે એવી છે. કવિતા વિષયક વિચારો દર્શાવતા 'કાવ્યમાં વર્ણનું મહત્વ', 'કાવ્યની શક્તિ' જેવાલેખો, 'યુવાનો અને કલા', 'સંગીત : એક શુધ્ધ લલિત કલા', કથકલી નૃત્ય પ્રકાર પરનો ચર્ચા તેમજ સર્જકના સર્જન ક્ષેત્રને તપાસવાનો ઉપક્રમ રાખતો 'એખોવની કલા' માં રામનારાયણની સાહિત્ય અને અન્ય કલા પરત્વેની રસરુચિનો ખ્યાલ આપે છે. સંપાદક હોવાના નાતે રામનારાયણને લખવાની થયેલી નાની-મોટી પુસ્તક અવલોકનોની સંખ્યા પુષ્કળ માત્રમાં અહીં છે. એ સાથે આપણી કેટલીક પ્રસિધ્ધ કૃતિઓની કરેલી અભ્યાસપૂર્ણ કૃતિનિષ્ઠ વિવેચનાઓ રામનારાયણની પરિપાક વિવેચક દૃષ્ટિને આપણી સમક્ષ મૂકી આપે છે. 'પ્રેમાનંદ નું નળાખ્યાન',

'ગોવર્ધનરામનું 'સરસ્વતીચંદ્ર', આનંદશંકરનું 'આપણો ધર્મ,' રમણભાઈના 'રાઈનો પર્વત' વિશેનો દીર્ઘલેખ તેમજ ન્હાનાલાલ ની 'વિશ્વગીતા' જેવા પુસ્તકોની કરેલી સમીક્ષા આમના ઉદાહરણરૂપ છે.

'કુલાંગાર : એક કિસ્સો પાંચ દૃશ્યોમાં' અને 'દેવી કે રાક્ષસી' રામનારાયણના આ બંને નાટકો 'પ્રસ્થાન'માં જ પ્રકટ થયેલા છે. આમ, રામનારાયણના સર્જન કર્મોનો હિસાબ તપાસીએ છીએ ત્યારે એના મૂળમાં પડેલી 'પ્રસ્થાન'ની ભૂમિકાનો સહેજે ખ્યાલ આવે છે. ગુજરાતનાં સાહિત્યને પોષક એવું વાતાવરણ ઘડવાના 'પ્રસ્થાન' ના પ્રયત્નો રામનારાયણની સર્જનાત્મક શકિતઓને વિકસાવવામાં કેટકેટલી દિશામાં પ્રવૃત્ત કરે છે. એમનો આ વિગતો પરથી અંદાજ બાંધી શકાય એમ છે. 'પ્રસ્થાન'નો મુદ્રાલેખ 'દૃષ્ટિપૂતં ન્યસેત્ પાદમ્' રામનારાયણના સમગ્ર જીવનમાં તેમ એમના સાહિત્યિક કર્મમાં વણાયેલો જોવા મળે છે. કવિતા -વાર્તા - નિબંધ - નાટક અને વિવેચન જેવા સ્વરુપોમાં તેમ ગાંધીયુગીન કવિતા અને સાહિત્યના રુચિ વિધાયક માર્ગદર્શક તરીકે રામનારાયણની 'પ્રસ્થાન' માં રહેલી ભૂમિકા ગુજરાતને માટે ફળદાયી પરિણામ રળી આપે છે. ત્યારે એક સામયિકની પ્રભાવકતા અને પ્રદાનનું મૂલ્ય સમજી શકાય એવું છે.

○ 'પ્રસ્થાન'ની વિશેષ સામગ્રી

○ લોકચર્ચા

'પ્રસ્થાને' જુદા જુદા વિષયના પ્રશ્નોની ચર્ચા માટે રજૂ કરેલા વિભાગો તત્કાલીન સમાજની ને સાહિત્યની ગતિવિધિ ને બરાબર પ્રતિબિંબિત કરે છે. તેમાં સમાજ, રાજકારણ, કેળવણી, સાહિત્ય અને અન્ય કલા વિષયક ચર્ચાઓ ધ્યાન ખેંચે છે. પ્રારંભથી શરૂ થયેલો 'લોકચર્ચા' વિભાગ સમાજ જીવનની બાબતોને રજૂ કરતો વિભાગ હતો જેમાં જે તે પ્રાંતના જીવનના અહેવાલ રુપ લેખો જુદા જુદા લેખકો દ્વારા લખાતા. નરહરિ પરીખ, સુમંત મહેતા, જુગતરામ દવે જેવા લેખકો પાસેથી લોક વિષયક પ્રશ્નો અને માહિતીઓ પ્રાપ્ત કરાઈ છે. એમાં અન્ય પ્રાંતની માત્ર

જાણકારી આપવાના બદલે એ સાથે જોડાયેલા વિચાર તરફ પ્રેરવાનું રહ્યું હોય એવું વિશેષ પ્રતીત થાય છે. 'પ્રસ્થાન'ના વાચકોને અને ગુજરાતના જીવનમાં રસ લેનારાં સ્ત્રી-પુરુષોને પોત પોતાના સ્થાનના લોકજીવનની સપ્રમાણ માહિતીઓ મોકલી આપવાના સૂચનમાં વાચકોને પણ 'પ્રસ્થાન'માં જોડવાનો પ્રયત્ન થયેલો જોઈ શકાય છે. આ વિભાગ તળે 'જ્ઞાતિ સંસ્થાઓ' વિશે ચાલેલી લેખમાળા નોંધનીય છે. જુદી જુદી જ્ઞાતિઓના ઈતિહાસને મેળવવાના અને એને પ્રકટ કરવાના 'પ્રસ્થાન'ના પ્રયત્નોમાં જે ચિંતા દેખાય છે એ નોંધવા યોગ્ય છે. તેઓ લખે છે: 'હિંદુ જ્ઞાતિઓના વિભાગો, અટકો, ગોત્ર, સામાન્ય રિવાજો, કુલધર્મો વગેરે ઈતિહાસની ઘણી જ ઉપયોગી સામગ્રી છે. નવાસમાજ બળોમાં આ સર્વ ધીમે ધીમે લુપ્ત થતુ જાય છે. એ પરિણામ કાલધર્મ છે. કેટલીક દૃષ્ટિએ ઈષ્ટાપત્તિ પણ છે. પણ આ લોપમાંથી ઈતિહાસને ઉપયોગી હકીકત આપણે એકત્રિત કરી સંઘરી લેવી જોઈએ'.[૨૫] હિંદુ જ્ઞાતિઓનો કુળ-ગોત્ર-રીતિ રિવાજોની રસપ્રદ નોંધ અહીં પ્રાપ્ત થઈ છે.

o જ્ઞાન ગોચરી

આ વિભાગ માહિતી પ્રદ વિગતો સાથે પ્રકાશિતથતો. એમાં પાશ્ચાત્ય કે ભારતના અન્ય પ્રાંતના સામયિકોમાંથી જાણવા યોગ્ય રસપ્રદ માહિતીઓને એકઠી કરીને મૂકવામાં આવતી, છ-સાત મુદ્દાઓમાં વિભક્ત એવી આ સામગ્રી જુદાજુદા વિષયનું વૈવિધ્ય ધરાવતી, એ કારણે વાચકોને સામાન્ય જ્ઞાનની પર્યાપ્ત સામગ્રી મળી રહેતી. 'ટાગોરના નૈતિક નાટકો', 'કબીરનો વસંતોત્સવ', 'જાપાની સાહિત્ય સૌથી સમૃધ્ધ' જેવા સાહિત્યિક મુદ્દાઓનુ સંકલન અહીં મળી આવે છે.

o શબ્દ ચર્ચા અને પુસ્તક પરિચય

'પ્રસ્થાન'ના શબ્દચર્ચા, વાકય ચર્ચા વિભાગમાં ગુજરાતી ભાષાના શબ્દોની વ્યુત્પત્તિ, અર્થ ,વ્યાકરણ, વાકયના અર્થો, રુઢિપ્રયોગોની રસિકચર્ચા થયેલી છે.

એ રીતે ભાષાની સમૃધ્ધિનું સભર ચિત્ર આપણી સામે મુકાય છે. 'કૌમુદી'ની અર્થ સંક્રાન્તિ,' કવિ હર્ષ કૃત 'નૈષધીય ચરિતમ્' એ મહાકાવ્યનો સ્વાધ્યાય, ગતિવાચક, જ્ઞાનવાચક તેમજ સમાનાર્થી શબ્દોની ચર્ચાઓ ડોલરરાય માંકડ, પંડિત બેચરદાસ, રામપ્રસાદ બક્ષી, રામનારાયણ પાઠક જેવા વિદ્વાનોને હાથે થયેલી છે. 'પુસ્તક પરિચય'માં અપાતાં ટૂંકાં અવલોકનોની સંખ્યા એક દીઠ ક્યારેક પાંચ -સાત પુસ્તકોની પણ જોવા મળે છે. વચ્ચેના સમયગાળામાં આ વિભાગ અનિયમિત બનતાં એ પછીના અંકોમાં એક સામટાં ૪૦ થી ૪૫ પુસ્તકોની પરિચય નોંધ પણ અપાઈ છે. સર્જકોના ઉન્મેષની નોંધ લેતા આ વિભાગમાં આત્યનાં જણાયેલાં પુસ્તકોને ક્ષિપ્ર વિગતે અને સામાન્ય જણાતા પુસ્તકોનો ત્રણ-ચાર પંક્તિમાં પરિચય અપાતો. ઉમાશંકર જોશીના 'ગંગોત્રી' કાવ્ય સંગ્રહ વિશેની આ નોંધ પુસ્તક પરિચયની લાક્ષણિકતાને ચીંધી આપનારી છે. 'વિશ્વશાંતિ' કાવ્ય પછી અનેક નાનાં મોટા કાવ્યોનો સંગ્રહ ગુજરાતી સાહિત્યને અર્પતા આવતા આ જુવાન લેખકને અમે સાવકાર આપીએ છીએ. પ્રસ્તાવનામાંથી પ્રસંગવશાત જાણવા મળે છે કે તેઓ ઈડર તરફના છે. એ શૌર્ય અને સૌંદર્ય સંપન્ન પ્રદેશમાંથી અર્વાચીન યુગમાં કદાચ આ આપણને પહેલો કવિતાનો ફાલ મળે છે.' ૨૬

o ચર્ચાપત્ર, રોજનીશી તેમજ અન્ય વિભાગો

'ચર્ચાપત્ર' વિભાગમાં નરસિંહરાવથી માંડીને અનેક વિદ્વાનોની જુદા જુદા વિષયો પરની ચર્ચા રસપ્રદ છે. ક્યારેક તો તંત્રી પોતે જ વિદ્વાનોને ચર્ચાસ્પદ મુદ્દા છંછેડીને ચર્ચા કરવાનું આહવાન આપે છે. જો કે આ વિભાગ અનિયમિત પ્રકાશિત થયા કર્યો છે. એમાં આવેલાં ચર્ચાપત્રો સંબંધિત સર્જક કે વિદ્વાનોને પહોંચાડીને એ પત્ર સાથે જવાબ પ્રસિધ્ધ કરવાની 'પ્રસ્થાન'ની રીત વિશિષ્ટ છે. 'બહિર્જગત' જેવો વિભાગ અન્ય દેશોની સાંપ્રત પરિસ્થિતિની ચર્ચા કરે છે તેમાં 'જ્ઞાનગોચરી' માફક માહિતી આપવાનું અને બનેલી ઘટનાઓને અવલોકવાનું વલણ જોઈ શકાય. ૧૯૩૨ થી શરુ કરાયેલા 'રોજનીશી' વિભાગમાં એ માસમાં ભારતમાં બનેલી મુખ્યત્વે રાજકીય ઘટનાઓને તારીખ સાથે મૂકાતી. રોજનીશી શરુ કરતી વખતે

એના સ્વરુપ અને સ્વાતંત્ર્ય સમયની ડામાડોળ સ્થિતિનો ચિતાર તંત્રી નોંધમાં વ્યકત થયો છે. તેઓ નોંધે છે:' અમે આ અંકથી અમારી કાંઈપણ ટીકા કે અભિપ્રાય વિના હિંદને લગતા બનાવોની રોજનીશી ટૂંકમાં આપવાની શરૂ કરીએ છીએ. આમાના થોડા બનાવો એવા સાદા છે કે તે ઉપર ટીકા આપવાની જરૂર નથી. ઘણા બનાવો એવા છે જે વિશે અમે ચોકકસ અભિપ્રાય ધરાવીએ છીએ અને તે અભિપ્રાય સરકાર તેમજ જાહેર જનતાની જાણમાટે અમે સામાન્ય સ્થિતિમાં પ્રસિધ્ધ કરત પણ સરકારનું અત્યારનું માનસ જોતાં અમને સમજાય છે કે સરકાર એ અભિપ્રાયો સાંભળે એમ નથી. એટલે તે જાહેર કરતા નથી.'[૨૭] અહીં 'પ્રસ્થાન' કોઈ અખબારની ભૂમિકા ભજવતું હોય એવું લાગે. જો માત્ર રોજબરોજ બનેલી ઘટનાઓને જ મૂકવાની હોય અને એ ઘટનાઓ પર સ્વતંત્ર વિચારણા મૂકી શકાતી ન હોય તો માત્ર ઘટનારુપે સમાચારો આપવાની અનિવાર્યતા 'પ્રસ્થાન' માટે હોઈ શકે નહીં. એ કામ તો અખબારોનું છે. એ સમયના અખબારો આવા સમાચારો પ્રસિધ્ધ કરતાં જ હોય એ સ્વાભાવિક છે.

'નોંધ' નામના સ્વતંત્ર વિભાગમાં પ્રસિધ્ધ વ્યકિતઓની અવસાન નોંધ, રાજકીય ચળવળો અને સમાજ જીવનની અનેક ઘટનાઓએ સ્થાન લીધું છે. 'રાષ્ટ્રીય મુસ્લીમો', 'દેશી રાજ્યોની પ્રજા', 'અસ્પૃશ્યતા નિવારણ', 'બાળલગ્નો', 'પરજ્ઞાતિ લગ્નો' જેવી નોંધ એક એક ફકરામાં મુકાયેલી છે. સ્વાતંત્ર્ય ચળવળના દેશવ્યાપી આંદોલનને કારણે 'પ્રસ્થાન'નું રાષ્ટ્રીય માનસ આ 'નોંધ' વિભાગમાં પૂરેપુરું ખીલે છે. રાજકીય ક્ષેત્રની અસંખ્ય ચર્ચાઓ આમાં સમાવાઈ છે. આવી એક વિશિષ્ટ નોંધ જુઓ : 'સરકારે કેદ કરેલાસર્વ વીરોને અભિનંદન ! એટલાજ અભિનંદન સરકારના જુલ્મના ભોગ થતાં શાંત અને દાંતવીરોને ! 'પ્રસ્થાન' લેખકોમાથી દાકતર સાહેબ ( સુમંત મહેતા); હરિપ્રસાદ, ચંદુલાલ દલાલ, કિશોરલાલ, નગીનદાસ, કીકુભાઈ દેસાઈ, જીવણલાલ ચાંપાનેરીઆ સરકારના મહેમાન થયા છે.

ક.મા.મુનશીએ યોગ્ય સમયે વકીલાત અટકાવી યુધ્ધમાં ઝંપલાવી સાહિત્યકારોની તથા વકીલોની ન્યાતને નિદ્રામાંથી બચાવી છે તે માટે તેમને અભિનંદન',[૨૮] 'પ્રસ્થાન'

ના તંત્રી જેલમાં હતા ત્યારે, મુખપૃષ્ઠ પર તંત્રીનામ પછી કૌંસમાં 'જેલમાં' એવો શબ્દ મૂકીને 'પ્રસ્થાને' રાષ્ટ્રીય ચળવળનો બૂંગિયો વગાડયો હતો !

'પ્રસ્થાન'માં આવતા મોટાભાગના વિભાગો કાંતો માહિતીપ્રદ કે સમાચાર રુપ છે. 'શબ્દચર્ચા' જેવો નોંધનીય વિભાગ 'પ્રસ્થાન'ની આગવી વિશિષ્ટતા છે એમ 'લોકચર્ચા' વિભાગમાં ગુજરાતના સામુદાયિક જીવનની અહાસ્પર્શી રહેલી બાજૂઓને સામયિકને પાને મૂકવાનો અને ખરા અર્થમાં લોકજીવન સુધી પહોંચવાનો આશય વ્યકતથયા કર્યો છે. 'ચર્ચાપત્ર' માં થતી રહેલી સાહિત્ય ઉપરાંતની વિધિ ચર્ચાઓએ અનેક વિદ્વાનોને લખવા પ્રવૃત કર્યા છે. એ સિવાયના અન્ય વિભાગોમાં ગાંધી પ્રભાવ, સત્યાગ્રહ પ્રવૃત્તિ અને એમના પરિણામોની રજેરજ વિગતો સંભરાઈ છે. એક સામયિક તરીકે રાજકીય પ્રવૃત્તિઓનું આટલું વિગતે બયાન ભાગ્યે જ કોઈ સાહિત્યિક સામયિકમાં મળશે. એનું મહત્વનું કારણ એ છે કે 'પ્રસ્થાન' સાથે સંનિષ્ઠ દેશ સેવકો જોડાયેલા રહયા છે. પ્રત્યક્ષ રુપે આઝાદી લડતમાં ભાગ લઈ જેલવાસ સ્વીકારવાનું , એ પ્રવૃત્તિઓમાં ખુવાર થવાનું સાહજિક હતું ત્યારે એમના હાથ પરના સામયિકમાંએ વિચારો ઝિલાયા વિના ન જ રહે. વળી, એક સામયિકનો આદર્શ જો આપણી સામે પડેલા વિકટ પ્રશ્નોની ચર્ચા કરવાનો -ઉકેલો શોધવાનો પણ રહયો હોય તો એ સામયિક પ્રજાને સંસ્કાર પોષક, રુચિ સંવર્ધક સામગ્રી તો આપે જ પરંતુ એ સાથે યુગબળના પ્રભાવ તરફ વિવેક બુધ્ધિ દાખવીને પ્રજાને દોરવામાં મદદરુપ બને આઝાદી જંગની સ્મરણીય ઘટનાઓ 'પ્રસ્થાન' ના પૃષ્ઠો પરસતત અંકિત થતી રહી એનાં કારણોમાં ઉતરીએ ત્યારે 'પ્રસ્થાન'ની આ ભૂમિકા અન્ય સામયિકોના સંદર્ભે નોખીતરી આવે એવી છે.

## ૦ 'પ્રસ્થાન'ની અન્ય લાક્ષણિકતાઓ

ચિત્રકળાના નમૂનાઓ આપવા અને તેનું વિવેચન કરવું એ પણ 'પ્રસ્થાન' નો આધહેતુ ગણીને સંપાદકે ૧૯૩૦ થી 'પ્રસ્થાન'ને સચિત્ર બનાવવાની જાહેરાત કરી હતી. આ માટે ચિત્રકારોને મૌલિક કૃતિઓ મોકલવા, કલા વિવેચકોને

ચિત્રકળાની ઉત્તમ કલાકૃતિ પર વિવેચન લખી મોકલવા તેમજ તસવીરકારોને ગુજરાતના અને હિંદના સુંદર કુદરતી દૃશ્યો, મંદિરો, ઘરો, સ્થાપત્ય, સુથારીકે શિલ્પ કોતરણી વણાટકામની તસવીરો પ્રકટ કરવા નિમંત્રણ આપેલું પરંતુ એ સાથે એમણે એ પણ સ્પષ્ટ કરેલું કે : ' આ કામ ખર્ચાળ છે. અમે અમારી આર્થિક મુશ્કેલીઓ અને મુંઝવણો વાચક વર્ગ આગળ રજૂ કરવા નથી ઈચ્છતા પણ એટલું તો જણાવીશું કે આ નવા સાહસના ખરચને પહોંચી વળવા પૂરતી નવી ઘરાકી નહીં થાય તો ચાલુ વરસને અંતે આ અખતરો અમે બંધ કરીશું. ૨૯ એ પછી 'પ્રસ્થાન' ચિત્રો, તસવીરોથી શોભવા લાગ્યું જેમાં અજન્તાની ગુફાનાં ચિત્ર, ગરબી નૃત્યની તસવીરો, કનુ દેસાઈ, સોમાલાલ શાહનાં ચિત્રો દેખાવા લાગ્યા પરંતુ તંત્રીએ વ્યક્ત કરેલી દહેશત સાચી પડી આ નવા સાહસને સત્કાર આપનારી નવી ઘરાકી અપ્રાપ્ય જ રહી હોય અને એ કારણે 'પ્રસ્થાન' ને સચિત્ર બનાવવાના ઓરતા અધૂરા રહયા હોય એમ જણાય છે.

o ગ્રાહકો - લવાજમો અને જાહેરાતો.

'પ્રસ્થાન'ના આરંભના તબક્કે કેટલાક વર્ષ ગ્રાહકોનું સાતત્ય રહેલું એ કારણે 'પ્રસ્થાન'નું કદ સવાયું કરવામાં આવેલું. પરંતુ ૧૯૩૪ના અંકની નોંધ દર્શાવે છે કે એ લાભ 'પ્રસ્થાન'ને લાંબા સમય સુધી મળ્યો ન હતો. લવાજમો ભરવાની ગ્રાહકોને વારંવાર સૂચનાઓ 'પ્રસ્થાન'માં અપાયેલી જોઈ શકાય છે. મનીઓર્ડર દ્વારા લવાજમ ન મોકલતા ગ્રાહકોને વી.પી.પોષ્ટથી અંક મોકલીને નવા વર્ષનું લવાજમ વસૂલ થતું. આરંભે જ 'પ્રસ્થાન' ને ઉમળકાભેર આવકાર મળ્યો હતો, પરંતુ આ પ્રકારના સામયિકોના ગ્રાહકો મેળવવાનું કામ મુશ્કેલ હતું. એ સમયે પણ, વ્યક્તિગત ખર્ચ કરી માસિકો મંગાવી- વાંચવાની જરૂરિયાત સમજતો બહુ ઓછો વાચકવર્ગ હતો. લાયબ્રેરીઓની સંખ્યા પણ મર્યાદિત હતી તેમ છતાં સંચાલકો ઉત્સાહભેર અંકો પ્રકટ કર્યે ગયા ૧૯૨૮માં સંચાલકો વચ્ચે પુસ્તક -પ્રકાશન અંગે ઉગ્ર મતભેદ થતાં છૂટા પડવાનો પ્રસંગ આવી પડયો. આ બે વર્ષ દરમ્યાન 'પ્રસ્થાન'માં ઠીકઠીક ખોટ ગયેલી. રણછોડજી મિસ્ત્રીએ નોંધ્યું છે. 'સાહિત્ય રસિક વર્ગમાં ઘેરઘેરફરીને ''પ્રસ્થાન'ના ગ્રાહકો નોંધવાની જરૂર લાગી ત્યારે અમદાવદા, વડોદરા, સુરત અને મુંબઈ જેવા

સ્થળોએ જાતે જઈ ફરીફરી ને ગ્રાહકો નોંધ્યા અને એ રીતે 'પ્રસ્થાન' ના બે પાસાં સરખાં રાખવાનો પ્રયત્ન ચાલુ રહયો. ધીમે ધીમે ગ્રાહક સંખ્યા વધતી ગઈ.[૩૦] 'પ્રસ્થાન'નો ગ્રાહક સંખ્યા વધારવામાં 'સરસ્વતી ગ્રંથમાળા'ની પ્રવૃત્તિએ પણ બહુમોટો ભાગ ભજવ્યો હતો. આ ગ્રંથમાળાની યોજનામાં પુસ્તકો, બાલમાસિક અને બાળકથાવલિઓ 'પ્રસ્થાને' પ્રકાશિત કરીને 'પ્રસ્થાન 'ને સૂત્રને સાર્થક કરેલું આ ગ્રથંમાળાના પાંચ હજાર જેટલા ગ્રાહેકાને કારણે 'પ્રસ્થાન'ને નવો ગ્રાહક વર્ગ મળતો થયો. એ રીતે 'પ્રસ્થાન' પોતાનો રાહ ચાલુ રાખવાની સ્થિતિમાં આવી શકયું તેમ છતાં એ એવી આર્થિક કક્ષાએ તો કદી પહોંચ્યું જ ન હોતું કે એમાંથી કંઈ નફો થઈ શકયો હોય. 'પ્રસ્થાન'ના ગ્રાહકોને ભેટપુસ્તક આપવાની પ્રથા પણ હતી ટોલ્સ્ટોયના 'પ્રેમનો દમ' અને 'રશિયાનાશહીદો'જેવાં પુસ્તકો ગ્રાહકોને મોકલાયાના ઉદાહરણ 'પ્રસ્થાન'માંથી જડી આવે છે. વળી, એ સમયની પ્રચલિત એવી એજન્સીઓ દ્વારા લવાજમો ભરવાની સગવડ 'પ્રસ્થાને' ઉપજાવી હતી. જુદા જુદા પંદર જેટલા નાના મોટા શહેરોમાં 'પ્રસ્થાન' ના લવાજમો સ્વીકારનાર શાખાઓ હતી !૮ પ્રસ્થાન' વેવડોદરા રાજયનાં પુસ્તકાલયો માટે તેમજ મુંબઈ ઈલાકાના કેળવણી ખાતા તરફથી મંજૂર થયેલું એ કારણે 'પ્રસ્થાન' ને વધુ નવા ગ્રાહકોનો લાભ મળ્યો !૯ હતો. ૧૯૨૯ના ગાળામાં 'પ્રસ્થાને' ગ્રાહકો વધારવાની એક વિશિષ્ટ યોજના હાથ ધરેલી 'પ્રસ્થાન'ના ગ્રાહકોને નવા વર્ષના પહેલા અંકની સાથે 'ગ્રાહક સહકાર કૂપન' યોજનાની આઠ આઠ આનાની દસ કૂપનો મોકલઈ હતી. જે ગ્રાહક કોઈપણ માણસને વેચી શકતો. એ કૂપન ખરીદનારને પણ 'પ્રસ્થાન' કૂપનો મોકલતું અને આમ ગ્રાહકો વધારતી સાંકળ શરુ કરવાના પ્રયોગમાં દસ કૂપન વેચનારને 'પ્રસ્થાન' મફતમાં મળતું. પાંચ કૂપન વેચનારને અઢી રુપિયાનું લવાજમ ભરવું પડતું. કૂપનના નમૂનાઓ અને તેની સમજૂતી આપતી વિગતો સામયિક ક્ષેત્રની નવી ઘટના છે. કટોકટીના સમયમાં એક સામયિકને જીવાડવાનો આ પ્રયત્ન સુખદ આશ્ચર્ય પ્રેરે છે. રામનારાયણે પણ 'પ્રસ્થાન' ની સેવામાં આર્થિક રીતે ઘણો મોટો ભોગ આપેલો છે. 'પ્રસ્થાન'ના તેઓ તંત્રી થયા ત્યારે તેમને ગુજરાત વિદ્યાપીઠ તરફથી ૧૨૫ રૂપિયાનો પગાર

મળતો હતો. પણ તેમણે 'પ્રસ્થાન'ના સંપાદન અંગે કોઈ વિશેષ પુરસ્કાર-મહેનતાણું લીધું ન હતું. વચ્ચે એવા પણ સંજોગો આવેલા ત્યારે તેઓ ક્યાંયે જોડાયેલા ન હતા. સ્થિર આવકનાં કોઈ સાધનો પણ ન હતા. એ સમયે પણ 'પ્રસ્થાન' પ્રત્યે એમની નિષ્ઠા એવી હતી કે 'પ્રસ્થાન'ની પોતાની આર્થિક સંકડામણોને ધ્યાનમાં લઈને પોતાના પ્રથમ પુસ્તક 'દ્વિરેફની વાતો ભાગ-૧' નો બધો નફો તેમણે 'પ્રસ્થાન' માટે આપી દીધેલો !

'પ્રસ્થાન'માં પ્રકટ થયેલી જાહેરાતોએ પણ 'પ્રસ્થાન'ને આર્થિક પક્ષે ટકાવવામાં ફાળો આપ્યો છે. મોટાભાગના અંકોમાં વીસ-પચ્ચીસ જેટલી જાહેરાતો નિયમિત પ્રસિધ્ધ થતી. જાહેરાતોનું આ પ્રમાણ કયારેક તો આશ્ચર્ય પમાડે એટલા મોટા પ્રમાણમાં છે. કાપડમીલોની અસંખ્ય જાહેરાતો એ સમયે વિકસતા જતા મીલ ઉદ્યોગની દિશા તરફ સંકેત કરે છે. ૧૯૩૦ના અંક ૬ માં ૯૦ જેટલી નાની-મોટી જાહેરાતો છે. જેમાં મોટાભાગની જાહેરાતો, પુસ્તકો, સામયિકો અને પુસ્તક પ્રકાશકોની છે. ૧૯૩૫ના અંકમાં પાદરાકરના હાસ્યરસ કાવ્યોનો સંગ્રહ 'મંગલસૂત્ર' ની સચિત્ર જાહેરાત ચાર પાના જેટલી લાંબી છે. કોઈ પ્રકાશક પ્રસિધ્ધ પુસ્તકની પૂરા પાનામાં જાહેરાત આપે અથવા તો અખબારો, સામયિકોની જાહેરાતો સતત થતી રહે એવું આજના સામયિકોમાં જોવા નહીં મળે, એનું કારણ પ્રકાશકોએ પ્રકટ કરવા માંડેલા 'હાઉસ મેગેઝિન' નું પણ છે. સાથો સાથ આવી જાહેરાતો આપવાનું વલણ પણ કંઈક અંશે ઓછું થતું ચાલ્યું છે. બાકી, 'પ્રસ્થાને' પણ પોતાની જાહેરાત અનેક નૂસખાઓથી અહીં કરેલી છે.

૧૯૩૦ની ચળવળ આસપાસ 'પ્રસ્થાન' અનિયમિત પ્રકાશિત થતું વિભાગો અને સામગ્રીની દ્રષ્ટિએ પણ પ્રવર્તમાન સંજોગોની અસર એમાં દેખા દેતી હતી. આ અંકો એક એક મહિનો મોડા પ્રકટ થતાં આ અંતરને પહોંચી વળવા વધુ પાનાં સાથે બે અંકને સાથે જ પ્રકાશિત કરવામાં આવતાં.

o વિશેષાંકો

અન્ય સામયિકોની જેમ 'પ્રસ્થાન' પુણ વિશેષાંકો આપે છે. રામનારાયણના

સંપાદન તળે 'પ્રસ્થાને' વિશિષ્ટ વિશેષાંકો પ્રસિધ્ધ કરીને નવા કલા સર્જનની કૃતિઓના વાહન તરીકે જ નહીં પરંતુ બીજી તરફથી વિચાર, ચર્ચા અને વિવેચનના માસિક તરીકેની એની ઓળખને દઢ કરી હતી. ૧૯૨૭ (જયેષ્ઠ ૧૮૭૧ )માં પ્રકટ થયેલા કાંત અંક, સમાજ અંક અને દિવાળી અંક જેવા ત્રણ ખાસ અંકો 'પ્રસ્થાન'ની દૃષ્ટિનો જ ખ્યાલ આપે છે. જેમાં 'કાંતઅંક' કવિની કાવ્ય પ્રવૃત્તિઓને અવલોકવાનો ધ્યાનાર્હ યત્ન કરે છે. ૧૯૨૮ માં 'બારડોલી અંક' તેમજ દેશ અને સમાજ જીવનમાં આગળ પડતો ભાગ ભજવનારા પારસી વિશેની માહિતી, વિચારણા અને પારસી વિદ્વાનોનાં લખાણોને પ્રકટ કરતો 'પારસી અંક' પ્રસિધ્ધ કરેલો. ૧૯૨૯માં 'પ્રસ્થાને' રંગભૂમિ અંક પ્રકાશિત કર્યો હતો જેમાં ગજેન્દ્ર લાલશંકર,પંડયા, વિજયરાય વૈદ્ય, ડોલરરાય માંકડ, નારાયણ ઠક્કુર, ઝવેરચંદ મેઘાણી, ડાહયાભાઈ દેરાસરી, ગજાનન પાઠક જેવા વિધ્વાનોની રંગભૂમિ વિષયક ચર્ચાઓ સાંપડી છે. રંગભૂમિનું ઐતિહાસિક અવલોકન, પ્રાચીન નાટક શાળા, હિન્દી-બંગાળી રંગભૂમિની વાતો, નાટયસમીક્ષાઓ અને નાટયકર્મીઓના કાર્યોનો આલેખ આપતો આ અંક 'પ્રસ્થાન' નું સીમા ચિહનરુપ પ્રદાન છે. 'આપણી રંગભૂમિ કેમ સુધરે' અને વિષય પર ચર્ચા કરતા ત્રણ લેખો આ એકજ અંકમાં પ્રસિધ્ધ થયા છે. રંગભૂમિની એ ચર્ચાને તંત્રી લેખમાં જવાબ આપતાં રામનારાયણે લખ્યું છે: 'સારા નાટકો કયાંથી પેદા કરવા એ પ્રશ્ન રહે છે. નાટક પણ એક પ્રકારનું કવન છે. તેનો લેખક કંઈ એકદમ ઉત્પન્ન કરી શકાતો નથી. કદાચ આદર્શ રંગભૂમિ શરુ થયા પછી તે જન્મે ત્યાં સુધી દુનિયાના સારામાં સારા નાટકોમાંથી જે આપણે સમાજ સમજી શકે એવો હોય તેનું શુધ્ધ ગુજરાતી કરી તે નાટકો ભજવવા જોઈએ. બીજા દેશોમાં એમ થયું છે અને એમ કરતા પછી સારા નાટકો લખવા માંડયા છે' [૩૧] આપણી રંગભૂમિને સક્રિય દિશામાં લઈ જવા માટે તંત્રી અહીં પાશ્વાત્ય નાટકોના અનુવાદની જરુરિયાત પર ભાર મૂકે છે તેમાં સારામાં સારા નાટકોના અનુવાદ કરવાની, આપણે સમાજ સમજી શકે તેવા નાટકો પસંદ કરવાની અને વધુ તો શુધ્ધ ગુજરાતી ભાષામાં રૂપાંતરણ થવું જોઈએ એવી અપેક્ષાઓ વ્યકત કરેલી છે. ૧૯૨૯નો 'ગાંધી મણિ મહોત્સવ' અંક પાંત્રીસ જેટલા લેખકોના

સહકારથી તૈયાર થયેલો. ૧૬૦ જેટલાં પૃષ્ઠોના એ દળદાર અંકમાં એ સમયના પ્રસિધ્ધ વિચારકો અને ગાંધીજી સાથે અનુસંધાન ધરાવતા લેખકોએ ગાંધીજીના જુદા જુદા પાસાંને અભ્યાસ વિષય બનાવીને રજૂ કર્યા છે,જોકે

'ગાંધીજન તો તેને કહીએ જે પીડ હિંદની જાણે રે

દેશકાર્યમાં રહે લીન તો યે મન અભિમાન ન આણે રે'

જેવી કવિતામાં કેવળ ગાંધી ભક્તિથી વિશેષ પામી શકાતું નથી. આ આખાયે અંકમાં પ્રકટ થયેલી સામગ્રી જોતાં એવું જણાય છે કે એના મોટાભાગના લેખકો પર ગાંધીજીના જીવન અને વિચારે કેટલી ઊંડી અસર કરી છે ! પરંતુ ગાંધી વિચાર સાથે જેઓ અસંમત છે, તેમના વિરોધ વિચારમાં આદર બુધ્ધિ સાથેની સ્પષ્ટતા છે. આ અંકની એક વિશેષતા એ પણ છે કે ગાંધીઅંકની જાહેરાત વખતે તંત્રી 'પ્રસ્થાન' માં જ વધારાનાં પાનાં જોડીને, ગાંધીજી વિશે લખી શકાય એવા ૫૦ જેટલા વિષયની યાદી રજૂ કરે છે. લેખકોને વિનંતી પત્રમાં ' વિવેચક દૃષ્ટિએ'લખવાનું કરેલુ સૂચન અંધપૂજાના તેમ અસ્પષ્ટતા ભર્યા લેખો અવગણવાનું છે.જેમાં સાચું ચિત્ર રજૂ કરવાની 'પ્રસ્થાન'ની રીતિ-નીતિનો ખ્યાલ મળે છે. ૧૯૩૦માં પ્રકટ થયેલો 'સ્ત્રી અંક' અને ૧૯૩૩ના 'અસ્પૃશ્યતા વિચાર અંક' માં ગાંધી વિચારણાનો પ્રબળ પ્રભાવ વરતાય છે. ચક્રવર્તી રાજ ગોપાલાચારી, ટાગોર, આનંદશંકર ધ્રુવ જેવા વિધ્વાનોના અસ્પૃશ્યતા વિષય અંગેના વિચારોને પણ અહીં મૂકાયા છે. 'પ્રાણ પ્રશ્ન' બનાવેલા આ મુદ્દાને એક સામયિક બે અંકો જેટલાં પૃષ્ઠો ફાળવે એમાં સાંપ્રત સાથે જોડવાનું અને સાચી દિશા તરફ વાચકોને દોરવાનું કાર્ય તો ખરું જ, સાથો સાથ આખીયે સ્થિતિને અવલોકવાનું કાર્યપણ પ્રશંસનીય ગણાય. આજના સમયે આવું કામ 'ધર્મગુરુના ઉપદેશો' જેવું લાગવા સંભવ છે. પરંતુ એ સમય-સંદર્ભમાં સ્પષ્ટ વિચારને રજૂ કરવાની અનિવાર્યતા હતી.

વર્ષમાં ત્રણ જેટલા વિશેષાંકો આપવાનો 'પ્રસ્થાન'નો પ્રયત્ન સ્તુત્ય છે પરંતુ સાહિત્ય વિષય 'કાંત અંક', 'રંગભૂમિ અંક' ઉપરાંત 'પ્રસ્થાન'ની દૃષ્ટિ

સમાજ, સ્ત્રી પ્રશ્નો અને ચળવળની પ્રવૃત્તિના અહેવાલ રુપ અંકો કરવા તરફ પણ ગઈ છે એનું આશ્ચર્ય પણ જાય. પરંતુ એ સમયે આવા અંકોનું મહત્વ સિધ્ધ થયુ હશે એમ આ અંકોની પરંપરા જોતા જણાય છે.

## ૦ ૧૯૩૭ ( સં:૧૯૮૧) પછીના 'પ્રસ્થાન' તરફ એક દૃષ્ટિ

૧૯૩૭ના એપ્રિલમાં રામનારાયણ અમદાવાદની શેઠ લાલભાઈ દલપતભાઈ (એલ.ડી.) આર્ટ્સ કોલેજમાં ગુજરાતના મુખ્ય અધ્યાપક નિમાતાં સંસ્થાના નિયમને માન આપી સંપાદન કાર્યથી તેઓ નિવૃત થયા. આ કારણે 'પ્રસ્થાન'ની પ્રારંભથી રહેલી નીતિ અને પરિસ્થિતિમાં કશો બદલાવ ન થવાની રામનારાયણે નોંધ લખી છે તેમાં 'પ્રસ્થાન' સાથેનો એક લેખક તરીકેનો સબંધ પણ કાયમી રહેવાની ખાત્રી ઉચ્ચારી છે. 'પ્રસ્થાન'ના સંચાલનની જવાબદારી ઉપાડતા રણછોડજી મિસ્ત્રીના હાથમાં સંપાદનની વિકટ જવાબદારી આવી પડી સામયિકનું સંપાદન પ્રકાશન વ્યવસ્થા કરતા પ્રકાશક પાસે આવે એવી ઘટના આપણા સામયિક જગતમાં વારે -આંતરે બનતી જ રહી છે. જો કે એનાં પરિણામો એકંદરે સારાં આવ્યાં નથી એ પણ સ્વીકારવું જોઈએ. આ જવાબદારી તરફ રણછોડજી મિસ્ત્રી પૂરા સજાગ છે. એ સભાનતા જ એમને નોંધવા માટે પ્રેરે છે કે 'પ્રસ્થાન' જેવા સમાજના અનેક વર્ગના હાથમાં જતા માસિકના સંપાદક પદનો સ્વીકાર કરવો એ મારા માટે એક સાહસ છે. એ હું જાણું છું અને માટે જ એટલો ખુલાસો કરવો આવશ્યક ગણું છું કે અત્યાર સુધીમાં 'પ્રસ્થાન' નો એક મુરબ્બીવર્ગ, હિતસ્વી વર્ગ અને મિત્રવર્ગ અસ્તિત્વમાં આવેલો છે. એમના આશીર્વાદ , શુભેચ્છા અને સહકાર કાયમ રહેવાના છે એ આશ્વાસનથી જ આ જવાબદારી લઉ છું.[૩૨]

આ મિત્ર વર્ગે રણછોડજી મિસ્ત્રીના સંપાદન તળે પ્રસિધ્ધ થતા 'પ્રસ્થાન'ને પૂરતો સહકાર આપ્યો હોય એવું જણાય છે. 'પ્રસ્થાન' ના મુખપૃષ્ઠ પર 'આદ્ય નિવૃત તંત્રી' લેખે રામનારાયણનો ઉલ્લેખ 'પ્રસ્થાન'ના અંત સુધી આવતો રહયો હતો. સામયિક સાથે જોડાયેલી સંપાદકીય નિષ્ઠાનું 'પ્રસ્થાને' કરેલું આ ગૌરવ અપૂર્વ છે. 'પ્રસ્થાન'માં લખતા તમામ પ્રસિધ્ધ સર્જકોના લખાણો આ અંકોમાં

પણ પ્રાપ્ત થાય છે. ઉમાશંકરનાં '૧૯ માં દિવસનું પ્રભાત', 'ફાગણ ફાલ્યો જાય', 'હિરોશીમાં જેવા કાવ્યો તેમ સુન્દરમ્‌ના 'ગુલગુલાબી', 'પયોધર', 'એક સંગ્રામ' જેવા અનેક કાવ્યો ૧૯૩૭ પછી પણ દેખા દે છે. જયંત પાઠક જેવા નવોદિત કવિનો સત્કાર પણ 'પ્રસ્થાને' કર્યો હતો. પન્નાલાલ પટેલ, સુંદરજી બેટાઈ, રામનારાયણ પાઠક, સ્નેહરશ્મિ, સ્વામી આનંદ, ગુલાબદાસ બ્રોકર, રમણીક દલાલ જેવા અનેક સર્જકો અને બાપાલાલ વૈદ્ય, મગનભાઈ દેસાઈ, તનસુખ ભટ્ટ, રતિલાલ ત્રિવેદી જેવા અભ્યાસીઓના નામો 'પ્રસ્થાન'માં જોવા મળે છે. નવા નવા સર્જકો શેખાદમ આબુવાલા, પુષ્કર ચંદરવાકર, રાજેન્દ્ર શુકલ અને ચિનુમોદીના સર્જનો 'પ્રસ્થાન'માં દેખાવા માંડે છે. આ સમયગાળામાં મહારાષ્ટ્રના જાણીતા સર્જક વિઠ્ઠલરાવ ઘાટેના રેખા ચિત્રોનો અનુવાદ, ગણેશ વાસુદેવ માવલંકરના આત્મકથાનક 'પ્રારબ્ધ પણ છે જ' પુરુષોત્તમ માવલંકરનો અનુવાદ તેમજ દિલીપકુમાર રોયે લીધેલી રોમા રોલાંની વિસ્તૃત મુલાકાતનો અનુવાદ નગીનદાસ પારેખ દ્વારા પ્રસિધ્ધ થયેલો છે. પુસ્તક પરિચય વિભાગ તળે 'આવકાર પાત્ર અનુવાદો' માં માત્ર અનુવાદોને જ ધ્યાનમાં લઈને કરાયેલી સમીક્ષા આ પ્રવૃત્તિનો વિશિષ્ટ પ્રયાસ છે. તો જ્યોતીન્દ્ર દવેના 'અલ્પાત્માનું આત્મ પુરાણ ' ને ' ગુજરાત' બંધ થતા 'પ્રસ્થાન' પ્રકાશિત કરવાનું સ્વીકારે છે.

બીજા વિશ્વયુધ્ધને કારણે સર્જાયેલી કાગળની અછત, મુદ્રણ અને રવાનગીના પ્રશ્નો, બેફામ ભાવવધારા જેવી આપદ્ પરિસ્થિતિનો સામનો 'પ્રસ્થાન' કરવો પડેલો. આશ્ચર્ય પ્રેરે એટલા ઓછા પૃષ્ઠોના અંકોને પ્રકાશિત કરતા રહીને રણછોડજી મિસ્ત્રીએ 'પ્રસ્થાન'ને જીવંત રાખ્યું હતું. 'પ્રસ્થાન' ના પાનાની સંખ્યા પરિમિત હોવાને લીધે વિષયની વિવિધતા પણ સચવાઈ રહે એવા હેતુસર લેખકોને મુદ્દાસર, ટૂંકાણમાં પોતાના વક્તવ્યને સમાવવાનો આગ્રહ કરવામાં આવેલો. આ સમયમાં રામભાઈ પટેલ દ્વારા બીજા વિશ્વયુધ્ધની નિયમિત પ્રકાશિત થયેલી 'યુધ્ધ નોંધ' ઐતિહાસિક વિગતોની જાણકારીનું સબળ માધ્યમ આજે પણ બની શકે એમ છે. 'પડોશી સાથે વાતચીત' અને 'ગોષ્ઠી' જેવા નવા વિભાગો સામે 'પ્રસ્થાન'ના બંધ પડેલા વિભાગોની ગેરહાજરી વધુ કઠે એવી છે. ધૂમકેતુ વિશે લેખ પ્રકટ કરતી

વખતે સંપાદક ધૂમકેતુ સર્જિત 'પાનગોષ્ઠિ'ના નિબંધોને યાદ કરતા લખે છે કે': એ નિબંધો અસલ 'પ્રસ્થાન'માં છપાયા હતા.' એ અસલ પ્રસ્થાન એટલે રામનારાયણના સમયનું 'પ્રસ્થાન' ! એ અસલ રંગ ૧૯૪૫ પછી 'પ્રસ્થાન'માં ઝાંખો થતો ગયો છે.

રામનારાયણના મુંબઈ વસવાટ પછી 'પ્રસ્થાન' બાહ્ય દેખરેખ અને અંગત સલાહ સૂચનોના અભાવે શિથિલ બન્યું. સંપાદકે વર્ષમાં ચાર થી વધુ વિશેષાંકો પ્રકટ કરીને ગ્રાહકોને આકર્ષવાનો પ્રયત્ન કર્યો હતો. જેમાં આઝાદ અંક, આરોગ્ય અંકો પ્રકટ થવા લાગ્યા. આઝાદી પછી ભારતના પ્રશ્નોને વિસ્તૃત રુપે મૂકવાનો આ પ્રયત્ન અન્ય સામયિકોથી જુદો પડે છે પરંતુ સાહિત્યના સામયિક તરીકેની અપેક્ષાઓ સંતોષવામાં તે ચોકક્સ રીતે ઊણું ઉતરે છે. સંપાદક એક નોંધમાં જણાવે છે:' સ્વતંત્ર હિંદમા હવે સામયિક પ્રજા ઘડતરમાં ખૂબ મહત્વનો ફાળો આપી શકે એમ છે. લોકોમાં વાચનની ભૂખ ઉઘડી છે. પ્રજા જીવનને રુચે તેમજ પ્રિય થઈ પડે એવી શૈલીમાં હવે લખાવું જોઈએ. 'પ્રસ્થાન'ને હવે એવા ધોરણે ચલાવવા મનસૂબો કરું છું. સામાન્ય જ્ઞાન વધે, માહિતી વધુ પ્રમાણમાં મળે એવા લેખો આપવા ઉમેદ રાખુ છું.[33] આ નોંધમાં પ્રજાજીવનને રુચે એવા વિષયો તરફ જવાની સંપાદકની દૃષ્ટિઓ સાહિત્ય-કલાને સ્પર્શતી વિચારણાઓ તરફ ધ્યાન જવાના બદલે સામાન્ય જ્ઞાન અને માહિતીપ્રદ લખાણોને અપાતું વધુ પડતુ મહત્વ આઘાત આપે છે. ૧૯૫૩ થી શરુ થયેલા 'વીમા અંકો' આ પરિસ્થિતિમાં પરિસીમારુપ છે. 'પ્રસ્થાને' એક પછી એક પ્રકટ કરવા માંડેલા આરોગ્ય અંક, આઝાદ અંકમાં નવા ઉઘડતા જતા વીમાક્ષેત્રના અંકો પણ પ્રકાશિત કરવા શરુ કર્યા. જેમાં વીમા કંપનીઓની જાહેરાતોના વિશેષ લાભ આ અંકો પામ્યાં છે. આ અંકોમાંના લેખકો મોટા ભાગે વીમા કંપનીઓના હોદ્દેદારો, અધિકારી વર્ગ છે. આ કારણે પ્રજાસમુહ સુધી યોગ્ય હકીકત પહોંચતી હશે અને વીમા અંગે પૂરી જાણકારી દ્વારા લાભ મેળવી શકાતો હશે એમાં શંકા નથી. પણ એકના એક વિષય પરના ખાસ અંકો કેટલા જરુરી છે ? 'પ્રસ્થાન'નો વાચક વર્ગ 'વીમા સાથે કેવી અને કેટલી લેવા દેવા ધરાવે છે એવો પ્રશ્ન જરુર થાય છે. એ સાથે એ પણ નોંધવુ જોઈએ કે આ સમયમાં 'પ્રસ્થાને' રામનારાયણ પાઠક અને કિશોરલાલ મશરુવાળાના સ્મૃતિ અંકો

પ્રકાશિત કર્યાં હતાં.

આ 'પ્રસ્થાન' અંકોની એક વિશેષતા એ છે કે આઝાદી પછી આપણી સામે આવેલા અનેક પ્રશ્નોને સફળતાપૂર્વક જે-તે વિષયના નિષ્ણાંતોએ આલેખ્યાં છે. આઝાદીની પ્રબળ ઝંખના અને શહીદીના, દેશના ભાગલા પછી પ્રાપ્ત થતું ભારતની દુર્દશાનું ચિત્ર 'પ્રસ્થાન'ના પૃષ્ઠો પર પ્રકટયું છે. તનસુખ ભટ્ટનું 'સેતુ બંધાષ્ટક'ની પંક્તિઓ 'રાજ્ય મળ્યું ને સ્વરાજ્ય મળ્યું પણ રાજ્ય સુરાજ્ય મળ્યું ન મળ્યું ' નો પડઘો દરેક અંકમાં ઝિલાતો રહયો હોય એવો અનુભવ થાય છે.

સાહિત્ય વિચારણાના લેખોની તુલનાએ અન્ય વિષયના લેખો અધિક છે. આથી માત્ર પરંપરાગત ચાલતા સામયિક જેવો 'પ્રસ્થાન' નો દેખાવ જણાય છે. નવા સાહિત્ય પ્રદાનો ચીંધવા કે સાહિત્યિક આબોહવામા જીવંતતા લાવવાના ખાસ પ્રયત્નો 'પ્રસ્થાન'માં દેખાતા નથી. બકુલભાઈ રાવત યોગ્ય જ નોંધે છે: 'રા.વિ.પાઠકનું 'પ્રસ્થાન' એની જૂની જાહોજલાલીની યાદ કરાવવા માટે જ જાણે જીવતું લાગે છે ! [34] રામનારાયણના અવસાન પછી પણ, છઠ્ઠા દાયકાના અંત સુધી 'પ્રસ્થાન' મંથર ગતિએ ચાલતું રહયું હતું. વીતી ગયેલા સુવર્ણયુગની શેષ છાયા જેવું એનું સ્વરુપ છે. તે છતા રામનારાયણના નિવૃત્તિ કાળ પછી 'પ્રસ્થાન' ના દસ વર્ષ ઉત્સાહ ભર્યા વાતાવરણમાં પસાર થયા હતા. લેખકો અને વિધ્વાનોનો સાથ સહકાર પણ હતો. વિશ્વયુધ્ધ, દેશની આંતરિક ડામાડોળ સ્થિતિ અને શારિરીક અસ્વસ્થતાના સંજોગોને લીધે 'પ્રસ્થાન' ઉત્તરોત્તર નબળું પડયું હોવાનો સંભવ છે. પરંતુ 'પ્રસ્થાન'ની પ્રવૃત્તિને અટકાવ્યા વિના, નિરાશ થયા વિના શરુ રાખવાનો રણછોડજી મિસ્ત્રીનો પ્રયત્ન એની સામયિક પ્રવૃત્તિ પ્રત્યેના લગાવને ચીંધી આપે છે. કોઈ સામયિક અર્ધા શતક સુધી પ્રકાશિત થતું રહે એ જ આપણી સામયિક પ્રવૃત્તિની ગૌરવવંતી બીનાછે.

## ૦ 'પ્રસ્થાન' નું પ્રદાન

'પ્રસ્થાને' સાહિત્ય કૃતિઓ અને પ્રવૃત્તિઓ પ્રકાશિત કરવા ઉપરાંત પ્રજાસમક્ષ

પડેલા પ્રશ્નોના ઉકેલો શોધવાનું અને ગંભીરતા પૂર્વક જુદા જુદા પ્રશ્નોને ચર્ચવાનું હાથ પર ધર્યું. દૃષ્ટિથી પવિત્ર થયેલું પગલું પહોંચે એટલાં બધાં ક્ષેત્રોમાં x મૂકવા માટે એમણે તૈયારી દર્શાવી. 'સાહિત્ય' સામયિકની આંખ સામે 'આમવર્ગ' હંમેશા રહયો હતો આ કારણે સામગ્રીના પ્રકાશનમાં કોઈપણ સ્તરના વાચકો આસ્વાદી શકે એવાં લખાણો પણ સુલભ કરાયાં હતાં. જ્યારે 'ગુજરાત'માં અસ્મિતા પ્રકટાવવાના પુરુષાર્થમાં કેન્દ્રસ્થાને વાચકોને રસાનુભવ કરાવવાનું વલણ હતું. 'કૌમુદી' પાશ્ચાત્ય સાહિત્યના વિવેચન વલણો અને વિષય વસ્તુને આપણી પરંપરામાં દટાવવાનો આગ્રહ કરતું જણાય છે. આ સામયિકો બહુધા 'સાહિત્ય' ને જ હેતુ માનીને પ્રકાશિત થયાં છે. એમની સામે 'પ્રસ્થાને' સમાજના અનિષ્ટો પ્રતિ વાચકોનું ધ્યાન દોરવાનો પણ યત્ન કર્યો છે. તે એ સમયગાળાના સામયિકોથી નોખો તરી આવે છે. 'પ્રસ્થાન'માં પ્રકટ થયેલી સામગ્રીનું ફલક એટલું વ્યાપક છે કે જે નવા વિષયો પર અભ્યાસી લેખકો કામ કરી લાવ્યા તેમનો 'પ્રસ્થાને' તુરત પુરસ્કાર કર્યો એ કારણે ગુજરાતમાં અસ્પૃશ્ય રહેલી કેટલીક વિદ્યાશાખા એ સામયિક પાને દેખાવા લાગી. વિદ્યાપીઠના અનેક વિદ્વાનોને 'પ્રસ્થાને' સક્રિય કર્યા. વિદ્યાપીઠના વાતાવરણના કારણે જ તેના અંતર બાહય સ્વરુપ પર હંમેશા ગાંધીપ્રભાવ દેખાતો રહયો છે. તે છતાં કાલેલકર, મશરુવાળા, પંડિત સુખલાલજી, સુમંત મહેતા જેવા વિદ્વાનોનો લાભ જુદી જુદી વિચારણાઓમાં 'પ્રસ્થાને' લીધો છે. ગાંધીયુગની રુચિ અને આદર્શોને પોષક એવા વાતાવરણને ઘડવામાં 'પ્રસ્થાન'નું પ્રદાન બહુમૂલ્ય છે. માત્ર પ્રજાકીય પ્રશ્નો અને વિચારણાઓ મૂકી આપવાના બદલે રચાતા સાહિત્ય અને અન્ય કલાઓનું 'પ્રસ્થાને' ગૌરવ કર્યું છે. પ્રતિભાવાન સર્જકોના વિવિધ પ્રયોગો સામયિક પાને પ્રકટ થવા લાગે ત્યારે એ સફળ પ્રયોગો નવોદિત સર્જકોની પુનરાવૃત્તિથી સાહિત્ય ક્ષેત્રમાં દૃઢ થતા હોય છે. રામનારાયણની સંપાદકીય કુનેહ અને સાહિત્ય પ્રદેશમાં સ્થાપિત થયેલી પ્રતિષ્ઠાને કારણે એ જમાનાના મહત્વાકાંક્ષી સર્જકો પોતાની કૃતિઓ 'પ્રસ્થાન' માં પ્રકટ કરવાની સજ્જતા કેળવવા રામનારાયણ સાથે શબ્દમાધ્યમે જોડાયા. 'જે ઉત્તમ લખાય એ જ 'પ્રસ્થાન'માં પ્રકટ થાય એવી રીતિને કારણે પ્રજાસમૂહમાં

'પ્રસ્થાન'ની એક શિષ્ટ સામયિક તરીકેની પ્રતિષ્ઠા ઘડાઈ હતી. અનંતરાય રાવળે યોગ્ય જ નોંધ્યું છે: 'પ્રસ્થાન'નું સંપાદન સ્વચ્છ, સાત્વિક, દષ્ટિમંત સામયિક સંચાલનનો આદર્શ ગુજરાતને શીખવી ગયું છે. જૂનાં મોર્ડર્ન રિવ્યુ'ની પ્રતિષ્ઠા 'પ્રસ્થાન'ને મળેલી તે આ કારણે.' [૩૫]

રસિકલાલ પરીખ, પંડિત બેચરદાસ, ડોલરરાય માંકડ, બળવંતરાય ઠાકોર, ઉમાશંકર, સુંદરમ્, પન્નાલાલ, ધૂમકેતુ જેવા સર્જકોની પ્રતિભા 'પ્રસ્થાન'માં પ્રકટ થઈ છે. આરોગ્ય, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્ર જેવા અનેક વિષયો પરની લેખમાળાઓ અને જુદા જુદા વિષયને તાકતા વિશેષાંકો, 'પ્રસ્થાન'ની આગવી સમૃધ્ધિ છે. નવોદિતો પાસેથી ઉત્તમ મેળવવાની અને એ દિશામાં સર્જકને પ્રવૃત્ત કરવાની 'પ્રસ્થાન'ની રીતિએ જુદી જુદી દિશામાં વિધાયક પરિણામો મેળવ્યા છે. 'ગાંધીયુગના સાહિત્યગુરુ' તરીકે પ્રસિધ્ધ થયેલા રામનારાયણની પ્રતિભાને ઘડાવાનો સુયોગ 'પ્રસ્થાન' ધ્વારા પ્રાપ્ત થયો. કવિતા, વાર્તા, નિબંધ, નાટક અને વિવેચન જેવાં સ્વરુપોમાં લખવા માટે 'પ્રસ્થાને' જ રામનારાયણને દોર્યા હતા. એક સર્જક તરીકે રામનારાયણની જ્યારે જ્યારે પણ વાત થશે ત્યારે 'પ્રસ્થાન' ને યાદ કરવું જરુરી બનશે એક સર્જકના સાહિત્યકાર હોવામાં તેમ, સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર વહેણો દાખલ કરવામાં સામયિકની રહેલી ભૂમિકા આનાથી વધુ ઉંચી હોઈ શકે નહીં.

રાજકીય સ્થિતિ અને સમગ્ર ભારત પ્રાંતમાં વ્યાપ્ત એવા અસહકાર આંદોલન, દાંડીકૂચ, હિંદ છોડો જેવા વિવિધ કાર્યક્રમો અર્થાત્ કે ગાંધીજીની સ્વાતંત્ર્ય ચળવળના એલાનથી માંડી આઝાદી પર્યન્તની ઘટનાઓનું 'પ્રસ્થાન' સાક્ષી રહયું છે. ગુજરાત તેમજ ભારતના પ્રમુખ રાષ્ટ્રીય નેતાઓ અને વિચારકોની કલમે જુદી જુદી ઘટનાઓ પર થયેલી વિચારણા આપણા આઝાદી સંગ્રામને આંખ સમક્ષ લાવી મૂકે છે. સર્જકોના સર્જનમાં વહેતા ગાંધી પ્રભાવનો મહિમા 'પ્રસ્થાને' ભારપૂર્વક ઝિલ્યો છે. આ કારણે એમના સમગ્ર કલેવરમાં ભાષાની સાદગી, શુધ્ધિનો આગ્રહ જણાઈ આવે છે.

પ્રસ્થાને' માનવ જીવનને સ્પર્શતા વિભાગો ધ્વારા વાચકોને પણ એમાં સામેલ કર્યા હતા. સમર્પિત એવી ભાવનાના કારણે અસહ્ય મોંઘવારી અને લડાઈની અછતમાં પણ લવાજમ વધાર્યા વિના પોતાની સંનિષ્ઠ સેવા શરૂ રાખી. જીવનની ગંભીર ભાવે કરેલી ઉપાસનાને કારણે જ 'પ્રસ્થાને' ગંભીર વિચારણાઓ તાકતી સામગ્રી આપી. એ સાથોસાથ એમના ભેટ પુસ્તકો મનોરંજક કથાઓને બદલે માહિતીપ્રદ અને પૂર્ણ જીવન પ્રતિ પ્રેરનારા હતા. રામનારાયણના સંપાદન નીચે પ્રકટ થયેલા 'પ્રસ્થાન' કવિતા, વાર્તા, નાટક, નિબંધ તેમજ વિવેચનોની મૂલ્યવાન સામગ્રી ધરાવે છે. આ સામગ્રી તેમજ એને સંપાદિત કરવાનું સંપાદન કૌશલ બન્ને મોટા પ્રદાનરૂપ છે. સુવર્ણયુગના એ 'પ્રસ્થાન' ની કીર્તિ દીર્ઘકાળ સુધી ટકશે.

—x — x —

o સંદર્ભ

૧ 'પ્રસ્થાન', અંક:૫ ,સં:૨૦૧૫ ૨ 'પ્રસ્થાન', અંક :૫, સં: ૨૦૧૬ ૩ 'પ્રસ્થાન', અંક:૧ ,સં: ૧૯૮૮ ૪ રા.વિ.પાઠક વાઙ્મય પ્રતિભા:કાન્તિલાલ કાલાણી, પૃ.૧૩ ૫ 'પ્રસ્થાન', અંક: ૧, સં: ૧૯૮૮ ૬ 'પ્રસ્થાન', અંક :૧, સં. ૧૯૭૦ ૭ એજ ૮ 'સાહિત્ય', અંક:૧૨, ૧૯૨૫ ૯ 'કૌમુદી',આશ્વિન, સં. ૧૯૮૧ ૧૦ 'પ્રસ્થાન', અંક: ૧, સં. ૧૯૮૮ ૧૧ 'સાહિત્ય', અંક :૧, ૧૯૨૯ ૧૨ 'પ્રસ્થાન', અંક :૧ , સં. ૧૯૮૮ ૧૩ 'પ્રસ્થાન', અંક :૨, સં.૧૯૯૩ ૧૪ 'પ્રસ્થાન' , અંક :૧ સં. ૧૯૮૬ ૧૫ 'પ્રસ્થાન', અંક:૫ , સં. ૧૯૮૪ ૧૬ શબ્દની શકિત – ઉમાશંકર જોશી પૃ.૫ ૧૭ 'પ્રસ્થાન', અંક:૬, સં.૧૯૮૬ ૧૮ 'પ્રસ્થાન', અંક:૧, સં.૧૯૮૬ ૧૯ રા.વિ. પાઠક વાઙ્મય પ્રતિભા – કાન્તિલાલ કાલાણી, પૃ.૧૯ ૨૦ અવલોકના – સુંદરમ્ પૃ. ૧૫૫-૫૬ ૨૧ રા. વિ.પાઠક વાઙ્મય પ્રતિભા – કાન્તિલાલ કાલાણી, પૃ. ૨૯૩ ૨૨ એજ. પૃ. ૧૯૭ ૨૩ 'પ્રસ્થાન',અંક :૧ ,સં.૧૯૮૪ ૨૪ 'પ્રસ્થાન', અંક:૧, સં.૧૯૯૪

૨૫ 'પ્રસ્થાન', અંક:૪ સં. ૧૯૮૬ ૨૬ 'પ્રસ્થાન', અંક :૫ , સં. ૧૯૯૧
૨૭ 'પ્રસ્થાન', અંક :૩, સં. ૧૯૮૮ ૨૮ 'પ્રસ્થાન', અંક :૬, સં. ૧૯૮૬
૨૯ 'પ્રસ્થાન', અંક :૧, સં. ૧૯૮૬ ૩૦ 'પ્રસ્થાન', અંક :૫ ,સં. ૨૦૧૧
૩૧ 'પ્રસ્થાન', અંક :૫ , સં. ૧૯૮૫ ૩૨ 'પ્રસ્થાન', અંક :૧ , સં. ૧૯૭૭
૩૩ 'પ્રસ્થાન', અંક :૬, સં.૨૦૧૧ ૩૪ બબુભાઈ રાવત ( પરિષદ, ૨૩ મું સંમેલન હેવાલ ) પૃ. ૯૨. ૩૫ 'પ્રસ્થાન', અંક :૧૧, સં. ૨૦૧૧